**તા.૦૭ /૦૩/૨૦૨૨ ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે મળેલ સામાન્ય સભાની કાર્ય નોંધ.**

**સભામાં હાજર રહેલા સભયશ્રીઓ..........**

| અ.નં. | સભ્યશ્રીઓના નામ | હોદ્દો |
|---|---|---|
| ૧. | પટેલ કિન્નરીબેન અમીષભાઇ | પ્રમુખ |
| ૨. | પટેલ છાયાબેન ઉમેશભાઇ | કારોબારી ચેરમેન |
| ૩. | ટંડેલ નિમિષાબેન ગીરિશકુમાર | સભ્ય |
| ૪. | પાનવાલા વર્ષાબેન અમિતકુમાર | સભ્ય |
| ૫. | પટેલ સતિષભાઇ બાલુભાઈ | સભ્ય |
| ૬. | પટેલ કિરણભાઇ ભીખુભાઈ | સભ્ય |
| ૭. | પટેલ ઉર્વશી રાજેશભાઇ | સભ્ય |
| ૮. | પટેલ વિકાસ રાજેશભાઈ | સભ્ય |
| ૯. | પટેલ દિવ્યા કલ્પેશભાઈ | સભ્ય |
| ૧૦. | રાણા મહેમુદા ઈસ્માઈલ | સભ્ય |
| ૧૧. | વાડીવાલા મહેન્દ્રભાઇ ભગુભાઈ | સભ્ય |
| ૧૨. | દેસાઇ ગિરીશભાઇ ભગવાનજીભાઇ | સભ્ય |
| ૧૩. | ઠાકોર કમળાબેન અવધેશકુમારસિંગ | સભ્ય |
| ૧૪. | રાજાણે ચેતનાબેન રાકેશભાઇ | સભ્ય |
| ૧૫. | ચૌહાણ સંજય દશરથરાવ | સભ્ય |
| ૧૬. | પટેલ મનિષા વિજય | સભ્ય |
| ૧૭. | ભાનુશાલી કલ્પના રાજેશભાઇ | સભ્ય |
| ૧૮. | પટેલ હિતેશકુમાર ઈશ્વરલાલ | સભ્ય |
| ૧૯. | પટેલ ભારતીબેન મનોજભાઇ | સભ્ય |
| ૨૦. | સોલંકી સોનલ તેજસભાઇ | સભ્ય |
| ૨૧. | ગજધર વિમલ સુમંતરાય | સભ્ય |
| ૨૨. | પટેલ બાલકૃષ્ણ જીવરાજભાઈ | સભ્ય |
| ૨૩. | શેખ સબીના સાજીદ | સભ્ય |
| ૨૪. | શેખ નઝમા અમીર | સભ્ય |
| ૨૫. | પટેલ રમેશભાઇ મંગળદાસ | સભ્ય |
| ૨૬. | દેસાઇ ઉર્મિ આશીષકુમાર | સભ્ય |
| ૨૭. | પટેલ જેષ્ટિકા દર્શન | સભ્ય |
| ૨૮. | આહિર પંકજ ઠાકોરભાઇ | સભ્ય |
| ૨૯. | આહિર ઋષિકાકુમારી પ્રિયંકકુમાર | સભ્ય |
| ૩૦. | ઓઝા ડો.પુષ્પાબેન રામજોર | સભ્ય |
| ૩૧. | પટેલ ભરતભાઇ છોટુભાઇ | સભ્ય |
| ૩૨. | વશી નિતેશભાઈ મહાદેવભાઈ | સભ્ય |
| ૩૩. | પટેલ સોનલબેન કિશોરભાઇ | સભ્ય |
| ૩૪. | પટેલ ધર્મેશભાઈ અરૂણભાઇ | સભ્ય |
| ૩૫. | પટેલ પ્રવિણભાઇ સોમાભાઇ | સભ્ય |
| ૩૬. | પટેલ હેતલકુમારી જયેશભાઇ | સભ્ય |
| ૩૭. | પટેલ પ્રવિણાબેન સુનિલભાઈ | સભ્ય |

| | | |
|---|---|---|
| ૩૮. | પઠાણ મહેબુબ ગુલશેરખાન | સભ્ય |
| ૩૯. | મહાકાલ રવિન્દ્રભાઈ રામચંદ્રભાઈ | સભ્ય |

સભાની શરૂઆત વંદેમાતરમથી કરવામાં આવી.

પ્રમુખશ્રીએ જણાવ્યુ કે , આજની આ સભામાં ઉપ સ્થિત સૌ મારા સાથી સભ્યશ્રીઓ ,તેમજ ચીફ ઓફિસરશ્રી શૈલેશ પટેલ, અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ, પત્રકારો મિત્રો, ઈલેક્ટ્રોનિક મીડિયાના મિત્રો, નગરજનોને સૌને આવકારું છું.

પદ્મશ્રી લતા મંગેશકર , અશોકભાઇ બાલુભાઈ દેસાઇ- ઘાસવાલા , વલસાડ નગરપાલિકાના નિવૃત્ત કર્મચારી ઘેલાભાઈ લક્ષ્મણભાઇ પટેલ તથા ભૂપતભાઈ છોટુભાઇ દેસાઇ તેમજ નામીઅનામી સ્વર્ગસ્થ તમામની આ તબક્કે નોંધ લઈ તેઓશ્રીની આત્માને શાંતિ મળે તે માટે શ્રદ્ધાંજલી આપી. અને સૌએ ૨ મીનીટનું મૌન પાડ્યુ.

પ્રમુખશ્રીએ જણાવ્યુ કે, સૌને મારા નમસ્કાર.

પ્રમુખશ્રી: એજન્ડાના કામો શરૂ કરવા જણાવ્યુ. બજેટના કામની ચર્ચા પ્રથમ કરીએ.

સભ્યશ્રી ચેતના રાજાણે , ઉર્વશી પટેલ, સોનલબેન પટેલ દ્વારા વલસાડ નગરપાલિકાના મહિલા સભ્યશ્રીઓના પતિદેવો કામકાજમાં રસ દાખવતાં હોવાની રજુઆત કરી....

સભામાં સભ્યશ્રી ઉર્વશી પટેલ, સોનલબેન પટેલ, નિતેશભાઈ વશી, મહેબૂબ ગુલશેરખાન પઠાણ, ગિરીશભાઇ દેસાઇ તમામ દ્વારા વહીવટી તથા પોતાના વોર્ડ વિસ્તારના શહેરના હિતના પ્રશ્નોની “નલ સે જલ “, આવાસ યોજના, લાઇટ , સફાઈ વિગેરે કામો માટે રજુઆત કરી. જેની નોંધ લેવામાં આવી.

સભ્યશ્રી રમેશભાઈ પટેલ દ્વારા સરકારી જમીનમાં આવેલ ઘરો/ છાપરા ગાળા છુટા પાડવા માટે આવેલ અરજીઓ વારસાઈ ધોરણે નામફેર કરવાની રજુઆત કરી.

સભ્યશ્રી હિતેશભાઈ ભંડારી દ્વારા ૧૨૦ આવાસ અને તેની માર્કેટ/ દુકાનો વર્ષો જૂની હોય , અને તેની માલિકોને વેચાણ દસ્તાવેજ કરી આપવા અંગેની રજુઆત કરી.

કામ નં.૧ :

વિષય.: તા:- તા:૦૩/૧૨/૨૦૨૧ ના રોજ મળેલ ખાસ સાધારણ સમગ્ર સભાની કાર્યનોંધ વંચાયેલી ગણી મંજૂરી કરવા બાબત.

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી હિતેશભાઈ આઈ.પટેલ

સભ્યશ્રી ઉર્વશી પટેલ, સોનલબેન પટેલએ સદર કામમાં પોતાનો વાંધો નોંધાવ્યો.

ઠરાવ: -

તા: ૦૩/૧૨/૨૦૨૧ ના રોજ મળેલ ખાસ સાધારણ સમગ્ર સભાની કાર્યનોંધ દરેક સભ્યશ્રીઓને આપવામાં આવેલ છે. જે વંચાયેલી ગણી મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

બ.મ.મંજુર.....

**જ.બો.નં.૧૩૬/ તા:૦૭/૦૩/૨૦૨૨**

---

કામ નં.૨ :

વિષય.: કા.સ.તા:-૨૧/૦૨/૨૦૨૨ ની ભલામણ મુજબ, નગરપાલિકાના વર્ગ-૪ ના કર્મચારીઓને સને:૨૦૨૦-૨૧ ના વર્ષ માટે એડહોક બોનસ ચુકવવા બાબતે જરૂરી નિર્ણય થવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી હિતેશભાઈ આઈ.પટેલ

ઠરાવ:-

કા.સ.તા:-૨૧/૦૨/૨૦૨૨ ની ભલામણ મુજબ , વલસાડ નગરપાલિકા-વલસાડના વર્ગ-૪ ના કાયમી કર્મચારીઓ તથા રોજમદાર કર્મચારીઓ કે તા:૩૧/૦૩/૨૦૨૧ ના રોજ નોકરીમાં ચાલુ હોય અને ૨૦૨૦-૨૧ ના વર્ષ દરમ્યાન જેમણે ઓછામાં ઓછી ૬ (છ) મહિનાની સળંગ નોકરી કરેલ હોય તેવા કાયમી કર્મચારીને રૂા.૩૪૫૪/- તથા ત્રણ વર્ષ કે તેથી વધુ વર્ષ સુધી ઓછામાં ઓછા ૨૪૦ દિવસ કામ કરેલ હોય તેવા છુટક મજુરોને રૂા.૧૧૮૪/- નામદાર ગુજરાત સરકારશ્રીના નાણાં વિભાગના પત્ર ક્રમાંક નં.બનસ/૧૦૨૦૧૩/ જીઓઆઈ/૧૨/ચ તા:૨૫/૧૦/૨૦૨૧ થી ઠરાવ્યા મુજબ સને : ૨૦૨૦-૨૧ નાં વર્ષ માટેનું બોનસ ચુકવવા પાત્ર થાય છે. તેવા સંજોગોમાં ઉપરોક્ત બોનસ ચુકવવા અંગે નિયમોનુસારની દરખાસ્ત મે.રીજ્યોનલ કમિશ્નરશ્રી ,સુરતને મંજુરત મેળવવા સારૂ જરૂરી આગળની કાર્યવાહી અર્થે રજુ કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.....

કામ નં.૩ :

વિષય.: કા.સ.તા:-૨૧/૦૨/૨૦૨૨ ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકાના જાહેર બાંધકામ શાખાના મજુર કામદાર શ્રી નારણભાઇ ખાલપભાઇ પટેલ, રહે.: કોકાકોલા ફેકટરી પાછળ, અબ્રામા, વલસાડની તા:૧૨/૧૦/૨૦૨૧ની અરજીમાં જણાવ્યા મુજબ તેઓશ્રી શરીરથી બીમાર તથા અશક્ત હોવાથી વધારે નોકરી કરી શકે એમ નથી. જેથી તેઓશ્રી દ્વારા તા:૩૧/૧૨/૨૦૨૧ ના રોજ ફરજ બજાવી, સ્વૈચ્છીક નિવૃત્તિની માંગણી કરેલ છે. જે મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી ભરતભાઇ સી.પટેલ

ઠરાવ:-

કા.સ.તા:-૨૧/૦૨/૨૦૨૨ ની ભલામણ મુજબ , વલસાડ નગરપાલિકાના જાહેર બાંધકામ શાખાના મજુર કામદાર શ્રી નારણભાઇ ખાલપભાઇ પટેલ,રહે.:કોકાકોલા ફેકટરી પાછળ, અબ્રામા,વલસાડ કાયમી મજુર કામદાર તરીકે તા:૦૧/૦૪/૧૯૯૦ થી ફરજ બજાવતા આવેલ છે. તેઓશ્રીની તા:૧૨/૧૦/૨૦૨૧ ના રોજ અત્રેની કચેરીએ આવેલ અરજીમાં જણાવ્યા મુજબ તેઓશ્રી શરીરથી બીમાર તથા અશક્ત હોવાથી વધારે નોકરી કરી શકે એમ નથી. જેથી તેઓશ્રી દ્વારા તા:૩૧/૧૨/૨૦૨૧ ના રોજ ફરજ બજાવી કચેરી સમયાબાદ સ્વૈચ્છીક નિવૃત્તિની માંગણી કરેલ છે. તેઓશ્રીની સ્વૈચ્છિક નિવૃત્તિ અંગેની આવેલ અરજી મંજુર કરવા નિયમોનુસાર કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.....

કામ નં.૪ :

વિષય.: કા.સ.તા:-૨૧/૦૨/૨૦૨૨ ની ભલામણ મુજબ, વ.ન.પા.ના શ્રી અટલ બિહારી વાજપાઈ સભાખંડની બાજુમાં આવેલ રૂમમાં હાલ ટાઉન પ્લાનીંગ શાખાના જુનિયર નગર નિયોજકશ્રીની કેબિન કરવામાં આવનાર છે.આ રૂમમાં હવાની અવર-જવર માટે બારી ન હોવાથી એર સર્ફોકેશન થાય છે. સદરહુ રૂમ માટે એર કંડીશનર ખરીદી કરવા અંગેનો અંદાજીત ખર્ચ રૂા. ૩૦,૦૦૦/- જેટલો થનાર છે. સદરહુ એર કંડીશનરની ખરીદી કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી ભરતભાઇ સી.પટેલ

ઠરાવ:-

કા.સ.તા:-૨૧/૦૨/૨૦૨૨ ની ભલામણ મુજબ , વલસાડ નગરપાલિકા-વલસાડ નવીન નગર સેવા સદન બિલ્ડીંગના બીજા માળે અટલ બિહારી બાજપાઈ સભાખંડની બાજુમાં આવેલ રૂમમાં હાલે ટાઉન પ્લાનીંગ શાખાનું જુનિયર નગર નિયોજકશ્રીની કેબિન કરવામાં આવનાર છે. આ રૂમમાં હવાની અવર-જવર માટે બારી ન હોવાથી એર સર્ફોકેશન થાય છે. સદરહુ રૂમમાં ૧.૫ ટનની એસી નાંખવામાં આવેલ છે. જે અંગેનો અંદાજીત ખર્ચ રૂા.૩૦,૦૦૦/- તેમજ એસી સ્ટેન્ડ, પાઇપ ફીટીંગ, પ્લગ, વાયર વિગેરે માલસામાન , મજુરી સહિત ડી થોરાત , તરીયાવાડ ,વલસાડનું આવેલ કુલ બીલ રૂા.૩૭,૨૦૦/- અંકે રૂપિયા સાડત્રીસ હજાર બસો પૂરાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.....

કામ નં.૫ :

વિષય.: કા.સ.તા:-૨૧/૦૨/૨૦૨૨ ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકા હદમાં વોર્ડ નં-૧૦ માં અબ્રામા, મણિબાગ વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલ માટે R.C.C. ની ૯૫ મીટર પાઈપની જરૂરિયાત હોય, મંજુર થયેલ વાર્ષિક ભાવોથી કામગીરી કરાવવા અંગેનું એસ્ટીમેઈટ રૂ‌।.૩,૬૫,૬૧૦/- મંજુર કરવા અંગે નિર્ણય થવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી ભરતભાઇ સી.પટેલ

સભ્યશ્રી કલ્પનાબેન ભાનુશાલી ગયા.

ઠરાવ:-

કા.સ.તા:-૨૧/૦૨/૨૦૨૨ ની ભલામણ મુજબ , તા: ૧૪/૦૯/૨૦૨૧ નાં રોજ વધુ વરસાદ પડતાં મણીબાગ અબ્રામા ખાતે આવેલ સોસાયટીનાં ઘરોમાં પાણી ભરાઈ ગયેલ છે. જેના માટે R.C.C. ની ૯૫ મીટર પાઈપની જરૂરિયાત છે. નગરપાલિકાના મંજુર થયેલ વાર્ષિક ભાવોથી સદરહુ કામ કોન્ટ્રાકટરશ્રી શાંતિલાલ કે.બારિયા-અબ્રામા ,વલસાડ પાસેથી કરાવવાનું તેમજ તે અંગેના કામનું આવેલ એસ્ટીમેઈટ રૂ ।.૩,૬૫,૬૧૦/- અંકે રૂપિયા ત્રણ લાખ પાંસઠ હજાર છસો દસ પુરા મંજુર કરવા અંગે નિયમોનુસાર આગામી કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.....

કામ નં.૬ :

વિષય.: કા.સ. તા:-૨૧/૦૨/૨૦૨૨ ની ભલામણ મુજબ, ના.સરકારશ્રીના ગુજ.મ્યુનિ. ફાઇનાન્સ બોર્ડ, ગાંધીનગરના પત્ર ક્રમાંક નં.મફબ/SJMMSVY UDP–88)/2018 19/ન.પા./આં.મા.સુ./પ્ર.હ. /૨૦૧૮ / ૯૮૭૬ / તા:૧૦/૦૫/૨૦૧૮ થી વલસાડ નગરપાલિકાને ના.સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવેલ ગ્રાન્ટ અને મંજુર કરવામાં આવેલ ટેન્ડરની રકમમાંરૂા.૬૭,૫૮,૧૮૫/- પુરાનો તફાવત થાય છે. સદરહુ તફાવતની રકમના કામો નક્કી કરવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી ભરતભાઇ સી.પટેલ

ઠરાવ:-

કા.સ.તા:-૨૧/૦૨/૨૦૨૨ ની ભલામણ મુજબ , ના.સરકારશ્રીના ગુજ.મ્યુનિ.ફાઇનાન્સ બોર્ડ,ગાંધીનગરના પત્ર ક્રમાંક નં. મફબ/ SJMMSVY (UDP-88)/2018-19 /ન.પા./આં.મા.સુ./ પ્ર.હ./૨૦૧૮/૯૮૭૬/તા:૧૦/૦૫/૨૦૧૮ થી વલસાડ નગરપાલિકાને ૨૦૧૮-૧૯ નાં વિકાસલક્ષી કામો માટે રૂા.૫.૦૦ કરોડ ફાળવણી કરેલ છે. જે અન્વયે નગરપાલિકા દ્વારા જે તે પ્રકારના વિકાસલક્ષી કામોનું આયોજન કરી જરૂરી ઠરાવ કરી મે.પ્રાદેશિક કમિશ્નરશ્રી, સુરત ખાતે મંજુર થયેલા કામોની જરૂરી વહીવટી મંજુરી મેળવી નગરપાલિકા દ્વારા નિયમોનુસારની કાર્યવાહી હાથ ધરી નાયબ માહિતી ખાતા મારફતે દૈનિક પેપરમાં બહોળી પ્રસિદ્ધિ કરાવી ઓનલાઈન ટેન્ડરો મંગાવી જે તે પ્રકારના વિકાસલક્ષી કામો કરવામાં આવેલ છે. વધુમાં નામદાર સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવેલ ગ્રાંટની રકમ રૂા.૫.૦૦ કરોડની જે તે પ્રકારનાં કામો નક્કી કરી ઓનલાઈન ટેંડરીંગ કરતાં રૂા.૪ ,૩૨,૪૧,૮૧૫/- પુરાનાં કામોનું ટેન્ડર મંજુર કરવામાં આવેલ છે. જેથી નામદાર સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવેલ ગ્રાન્ટ અને મંજુર કરવામાં આવેલ ટેન્ડરની રકમમાં રૂા.૬૭ ,૫૮,૧૮૫/- પુરાનો તફાવત થાય છે. સદરહુ તફાવતની રકમના નામદાર સરકારશ્રીની સદર ગ્રાન્ટની ગાઇડલાઇન મુજબ વલસાડ પારડી ખાતે (બરૂડિયાવાડ , કાશ્મીર નગર, યાદવનગર , રીક્ષા સ્ટેન્ડથી પમ્પિંગ સ્ટેશન વિગેરે વિસ્તારમાં નવી ડ્રેનેજ લાઇન નાંખવાના કામે જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.....

કામ નં.૭ :

વિષય.: કા.સ. તા:-૨૧/૦૨/૨૦૨૨ ની ભલામણ મુજબ, ના.સરકારશ્રીની અમૃત યોજના (૨૦૧૭-૨૦) હેઠળ વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં ૪૫૦ એમએમ ડાયા પાઇપ લાઇન ૮૦૦ એમએમ ડાયાની પાઇપ લાઇન રેલ્વે ક્રોસીંગમાંથી પસાર કરવા માટે RITES અને KRCL માંથી કોઈપણ એક PMC( પ્રોજેકટ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ) પ્રોજેક્ટની કામગીરી કરવા માટે નિમણુંક કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ
ટે.આ : શ્રી ભરતભાઇ સી.પટેલ

ઠરાવ:-

કા.સ.તા:-૨૧/૦૨/૨૦૨૨ ની ભલામણ મુજબ, ના.સરકારશ્રીની અમૃત યોજના (૨૦૧૭-૨૦) હેઠળ વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં Providing, Laying, Jointing of Rising mains from Abrama Headwork to Kalyanbaug sump and from kalyanbaug Sump to ESR at Tithal Road including connection pipeline from Tithal Road ESR to existing network, Designing, Constructing, Testing & Commissioning of Elevated Service Reservir (ESR) Design, Supply, Installation, Testing and Commissioning of instrumentation & SCADA system for all the head works and House Service Connections for Valsad Including all allied works complete and post completion operation & maintenance for five years બનાવવાના કામનું એજન્સીશ્રી ક્રિશ્ના કન્સ્ટ્રક્શન, ધોબીઘાટ, મહેસાણાનું ટેન્ડર એસ્ટીમેટેડ કોસ્ટ રૂ।.૧૬,૭૨,૧૦,૮૦૦/- કરતાં ૯.૯૫% ઉંચા ભાવથી ટેન્ડર આવેલ છે. જે અન્વયે તા:૦૮/૦૩/૨૦૧૯ ની GUDM, ગાંધીનગરની ૧૭ મી સ્કુટીની તેમજ ૨૫ મી SLTC ની મીટીંગમાં તેમજ કા.સ.ઠ.નં.૩૬૮/તા:૦૮/૩/૨૦૧૯ થી મંજુર કરવામાં આવેલ છે. વલસાડ નગરપાલિકા દ્વારા ૪૫૦ એમએમ ડાયા પાઇપ લાઇન રેલ્વે ઓવર બ્રિજ પાસે ૧૯૬/૧૫ થી ૧૯૬/૧૭ મુંબઈ જવાના ચેનેજ પોઈન્ટ પર ૮૦૦ એમએમ ડાયા કેસીંગ પાઇપ પસાર કરવા માટે DRM ઓફિસ પશ્ચિમ રેલ્વે મુંબઈ ૩૧/૦૭/૨૦૧૯ ના રોજ અરજી કરેલ છે. તા:૧૦/૦૨/૨૦૨૧ ના રોજ ડિવિઝનલ ઓફિસ પશ્ચિમ રેલ્વે મુંબઈ દ્વારા વલસાડ નગરપાલિકાને ૬૦૦ ડાયાની ઉપર કેસીંગ પાઇપ લાઇન નાંખવાની હોય તો PMC (પ્રોજેકટ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ) સાથે રાખી કામગીરી કરવાની થાય છે. જેના માટે પશ્ચિમ રેલ્વે મુંબઈ દ્વારા મંજુર કરેલ કન્સલટન્ટ જેવા કે , RITES, IRCON,KRCL જણાવેલ છે. વલસાડ નગરપાલિકા દ્વારા પશ્ચિમ રેલ્વે મુંબઈ મંજુર કરેલ કન્સલટન્ટને પત્ર વ્યવહાર કરતાં IRCON દ્વારા તા:૨૧/૦૯/૨૦૨૧ ના રોજ PMC તરીકે પ્રોજેકટમાં કામગીરી નહી કરી શકે તેમ જણાવેલ છે. તેમજ RITES LIMITED દ્વારા તા:૦૪/૧૦/૨૦૨૧ ના રોજ ૫ લાખ રૂપિયા એક મહિના માટે જણાવેલ છે. અને KRCL (કોકન રેલ્વે કોર્પોરેશન લિમિટેડ) દ્વારા ૩ લાખ ૬૦ હજાર રૂપિયા એક મહિના માટે પ્રોજેકટ મેનેજમેન્ટ કન્સલટન્ટ તરીકે ચાર્જ જણાવેલ છે. જેથી ૪૫૦ એમએમ ડાયા પાઇપ લાઇન ૮૦૦ એમએમ ડાયાની પાઇપ લાઇન રેલ્વે ક્રોસિંગમાંથી પસાર કરવા માટે RITES અને KRCL માંથી કોઈપણ એક PMC (પ્રોજેકટ મેનેજમેન્ટ કન્સલટન્ટ) પ્રોજેકટની કામગીરી કરવા માટે નિમણુંક કરવા અંગેના આવેલ કામે ચર્ચા વિચારણા કરતાં, KRCL (કોકન રેલ્વે કોર્પોરેશન લિમિટેડ) ની નિમણુંક કરવાનું તથા સદરહુ ઉપરોક્ત જણાવેલ કામગીરી શરૂ કર્યા બાદ એક માસના સમય મર્યાદામાં પૂર્ણ કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.....

કામ નં.૮ :

વિષય.: કા.સ.તા:-૨૧/૦૨/૨૦૨૨ તથા મ્યુનિસિપલ હોસ્પિટલ કમીટી સરક્યુલર ઠરાવ નં.૦૮/ તા:૨૭/૦૭/૨૦૨૧ ની ભલામણ મુજબ મ્યુનિસિપલ હોસ્પીટલમાં ફરજ બજાવતાં ડો.દિવ્યારાણી એસ.પટેલનો ૧૧(અગિયાર)માસનો કરાર રીન્યુ કરવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી પ્રવીણભાઈ એસ.પટેલ

ઠરાવ:-

સદરહુ કામ હાલ મુલત્વી રાખવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.....

કામ નં.૯ :

વિષય.: કા.સ.તા:-૨૧/૦૨/૨૦૨૨ ની ભલામણ મુજબ, ના.ગુજરાત હાઇકોર્ટના જુદા-જુદા કોર્ટ કેસના વકીલાત ફી અંગેના બીલ બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી હિતેશભાઈ આઈ.પટેલ

સભ્યશ્રી ઉર્વશીબેન પટેલ, સોનલબેન પટેલ, નિતેશભાઈ વશી, મહેબૂબ ગુલશેરખાન પઠાણ દ્વારા સદરહુ કામે વાંધો નોંધાવવામાં આવ્યો.

ઠરાવ:-

કા.સ.તા:-૨૧/૦૨/૨૦૨૨ ની ભલામણ મુજબ , ના.ગુજરાત હાઇકોર્ટમાં ચાલતા જુદા-જુદા કેસોની કામગીરી અંગેના હાઇકોર્ટના તેમજ લેબર કોર્ટના એડવોકેટશ્રીઓના નીચે જણાવેલ જુદા-જુદા કામોના આવેલ વકીલાત ફીની રકમ ચુકવવા અંગે બીલ બનાવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ.નં. | આવક નંબર/તારીખ | કેસ નં. | એડવોકેટશ્રીનું નામ | બીલની રકમ રૂા. |
|---|---|---|---|---|
| ૧ | ૩૯૫૧/તા:૨૧/૧૦/૨૦૨૧ | એસ.સી.એ.નં.૬૭૯૩/૨૦૨૧ | શ્રી યોગી કે.ગઢીયા | ૧,૧૦,૦૦૦/- |
| ૨ | ૫૦૩૮/તા:૨૧/૧૦/૨૦૨૧ | F/LPA NO.30067/2021 SCA NO.6793 OF 2021 | શ્રી યોગી કે.ગઢીયા | ૨,૨૯,૫૦૦/- |
| 3 | ૫૬૦૮/તા:૦૭/૦૧/૨૦૨૨ | MCA (Contempt) No.905/2021 in SCA No.6793 ઓફ 2021 | શ્રી યોગી કે.ગઢીયા | ૧,૧૭,૫૦૦/- |
| ૪ | ૫૬૦૯/તા:૦૭/૦૧/૨૦૨૨ | અપીલ નં.૪/૨૦૧૯ | શ્રી યોગી કે.ગઢીયા | ૧,૧૯,૫૦૦/- |
| ૫ | ૫૮૩૮/તા:૨૦/૦૧/૨૦૨૧ | MCA 905 OF 2021 | શ્રી મિતુલ શેલત | ૫૫,૦૦૦/- |
| ૬ | ૬૩૧૮/તા:૧૭/૦૨/૨૦૨૨ | SCA. 22665/2019 | શ્રી યોગી કે.ગઢીયા | ૪૬,૫૦૦/- |
| ૭ | ૪૬૯૭/તા:૨૧/૦૨/૨૦૨૧ | REFERENCE CASE No. 103 /2020, 115 to 125/2020 | શ્રી કૌશિક જી. કપ્તાન | ૪૨,૦૦૦/- |

બ.મ.મંજુર.....

કામ નં.૧૦ :

વિષય.: કા.સ.તા:-૨૧/૦૨/૨૦૨૨ ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકાનો સને.૨૦૨૧-૨૨ નો તા:૦૧/૦૪/૨૦૨૧ થી તા:૩૦/૦૬/૨૦૨૧ સુધીનો ત્રણ માસીક તથા તા: ૦૧/૦૪/૨૦૨૧ થી તા: ૩૦/૦૯/૨૦૨૧ સુધીનો છ-માસીક તથા તા: ૦૧/૦૪/૨૦૨૧ થી તા:૩૧/૧૨/૨૦૨૧ સુધીનો નવ-માસિક હિસાબ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ :શ્રી ઉર્મિબેન એ.દેસાઇ

સભ્યશ્રી ગિરીશભાઇ દેસાઇ , નિતેશભાઈ વશી , રમેશભાઈ પટેલ , ઉર્વશીબેન પટેલ , સોનલબેન પટેલ, મહેબૂબ ગુલશેરખાન પઠાણ વિગેરેએ ચર્ચામાં ભાગ લઈ નોટીસ બોર્ડ ઉપર હિસાબો મુકવા જરૂરી સૂચનો રજુ કર્યા.

સભ્યશ્રી ઉર્વશીબેન પટેલ , સોનલબેન પટેલ , નિતેશભાઈ વશી , મહેબૂબ ગુલશેરખાન પઠાણ દ્વારા સદરહુ કામે વાંધો નોંધાવવામાં આવ્યો.

ઠરાવ:-

કા.સ.તા:-૨૧/૦૨/૨૦૨૨ ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકાનો સને.૨૦૨૧-૨૨ નો તા:૦૧/૦૪/૨૦૨૧ થી તા:૩૦/૦૬/૨૦૨૧ સુધીનો ત્રણ માસીક હિસાબ તથા તા:૦૧/૦૪/૨૦૨૧ થી તા:૩૦/૦૯/૨૦૨૧ સુધીનો છ-માસીક હિસાબ તથા તા:૦૧/૦૪/૨૦૨૧ થી તા:૩૧/૧૨/૨૦૨૧ સુધીનો નવ-માસિક હિસાબ મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

બ.મ.મંજુર.....

કામ નં.૧૧ :

વિષય.: કા.સ.તા:-૨૧/૦૨/૨૦૨૨ ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકા હદમાં આવેલ (૧) સોના પ્લોટ,અબ્રામા (૨) પ્રમુખ આશિયાના સોસાયટી, અબ્રામા સોસાયટીઓના આંતરિક તેમજ મુખ્ય રસ્તાઓની માલિકી નગરપાલિકાને સુપ્રત કરેલ છે. જે અંગે આગળની કાર્યવાહી કરવા અંગેના કામે જરૂરી નિર્ણય થવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ
ટે.આ : શ્રી ભરતભાઇ સી.પટેલ

ઠરાવ:-

કા.સ.તા:-૨૧/૦૨/૨૦૨૨ ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકા હદમાં આવેલ ધરમપુર રોડ, અબ્રામા વિસ્તારમાં ખાનગી સોસાયટીઓનું ડેવલપમેન્ટ હાલે ચાલુ છે. સદરહુ વિસ્તારમાં નીચે જણાવ્યા મુજબની ખાનગી સોસાયટીના રહીશો દ્વારા વલસાડ નગરપાલિકાને તેઓની ખાનગી સોસાયટીના આંતરિક રસ્તાઓ નગરપાલિકાને સુપ્રત કરવા સ્ટેમ્પ પેપર પર લખાણ કરી નોટરી કરાવી અત્રેની કચેરીએ રજુ કરેલ છે. જેમાં જણાવ્યા મુજબ જે તે ખાનગી સોસાયટીઓ દ્વારા સદરહુ સોસાયટીના આંતરિક રસ્તાઓ નગરપાલિકાને સુપ્રત કર્યેથી નગરપાલિકા તરફથી જે તે પ્રકારની પાયાની સુવિધાઓ પૂરી પાડવા જણાવેલ છે. તો સદરહુ વિસ્તારની ખાનગી સોસાયટીઓના રસ્તા સુપ્રત કરવા બાબતે ધી ગુજરાત નગરપાલિકા અધિનિયમ- ૧૯૬૩ ની કલમ-૧૪૮ હેઠળ મળેલ સત્તાની રૂએ સદર રસ્તા સાર્વજનિક રસ્તા તરીકે જાહેર કરવા બાબતે કોઈપણ ઇસમથી આ જમીનના માલિકને નગરપાલિકાના આ ઈરાદા સામે વાંધો કે વિરોધ હોય તેવા ઇસમો પાસેથી વાંધાસૂચનો (૦૧ માસ) મેળવવા અંગે અત્રેની કચેરીએ થી જરૂરી દૈનિક પેપરમાં તા:૦૧/૦૯/૨૦૨૧ થી જાહેર નોટીસ પ્રસિધ્ધ કરવામાં આવેલ, અને જે મુદ્દત તા:૩૦/૦૯/૨૦૨૧ ના રોજ પૂર્ણ થયેલ હોય , સદરહુ વાંધા સૂચનો મંગાવવાના સમયગાળા દરમ્યાન કોઈપણ ઈસમોની વાંધા જણાવતી અરજીઓ અત્રેની કચેરીએ આવેલ નથી. જેથી ઉપરોક્ત બાબતને ધ્યાને લઈ નીચે જણાવ્યા મુજબની સોસાયટીઓના આંતરિક તેમજ મુખ્ય રસ્તાઓની માલિકી નગરપાલિકાને સુપ્રત કરેલ છે. જે અંગે સદરહુ બાબતે જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

(૧) સોના પ્લોટ, અબ્રામા,

(૨) પ્રમુખ આશિયાના સોસાયટી,અબ્રામા

સ.મ.મંજુર.....

કામ નં.૧૨ :

વિષય.: કા.સ.તા:-૨૧/૦૨/૨૦૨૨ ની ભલામણ મુજબ, જીલ્લા આયોજન કચેરી વલસાડના પત્ર ક્રમાંક નં.-અજન / સં.મ./ રાષ્ટ્રીય પર્વ / દરખાસ્ત / ૧૦૧૯-૧૦૨૧/ ૨૦૨૧/ ૧૧૪૮ - ૧૧૫૭ / તા:૨૬/૧૦/૨૦૨૧ થી જણાવ્યા મુજબ રાષ્ટ્રીયપર્વ ઉજવણી નિમિત્તે જિલ્લા કક્ષાને વિકાસના કામોમાં નગરપાલિકા વિસ્તારમાં માનવ વિકાસ સૂચકાંકો ધ્યાને લઈ જરૂરી હોય તેવા રસ્તા, પીવાના પાણી, સેનીટેશન, આરોગ્ય, આંગણવાડી, શાળા જેવા કામોનું આયોજન કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત.

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી ભરતભાઇ સી.પટેલ

ઠરાવ:-

કા.સ.તા:-૨૧/૦૨/૨૦૨૨ ની ભલામણ મુજબ , જીલ્લા આયોજન કચેરી વલસાડના પત્ર ક્રમાંક નં.-અજન/ સં.મ./ રાષ્ટ્રીય પર્વ/ દરખાસ્ત / ૧૦૧૯-૧૦૨૧/ ૨૦૨૧/ ૧૧૪૮-૧૧૫૭ / તા:૨૬/૧૦/૨૦૨૧ થી જણાવ્યા મુજબ રાષ્ટ્રીયપર્વ ઉજવણી નિમિત્તે જિલ્લા કક્ષાને વિકાસના કામોમાં નગરપાલિકા વિસ્તારમાં માનવ વિકાસ સૂચકાંકો ધ્યાને લઈ જરૂરી હોય તેવા રસ્તા , પીવાના પાણી , સેનીટેશન, આરોગ્ય , આંગણવાડી , શાળા જેવા કામો નક્કી કરવાના થાય છે. તો તે મુજબ વોહરા મસ્જીદની સામેના વિસ્તારમાં પેવરબ્લોક બેસાડવાનું કામ રૂ ા.૨,૧૧,૩૦૦/- અંગે નિયમોનુસારની આગામી કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.....

કામ નં.૧૩ :

વિષય.: કા.સ.તા:-૨૧/૦૨/૨૦૨૨ ની ભલામણ મુજબ, ના.સરકારશ્રીની SJMMSVY-UDP-88-2019-20 હેઠળ વલસાડ નગરપાલિકા હદમાં જુદા-જુદા સ્થળોએ વરસાદી ગટર બનાવવાના કામો પૂર્ણ કરવા માટે સમય મર્યાદામાં ૦૬-માસની મુદ્દતમાં વધારો કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ
ટે.આ : શ્રી ભરતભાઇ સી.પટેલ

ઠરાવ:-

કા.સ.તા:-૨૧/૦૨/૨૦૨૨ ની ભલામણ મુજબ, ના.સરકારશ્રીની SJMMSVY-UDP-88-2019-20 હેઠળ વલસાડ નગરપાલિકા હદમાં કુલ-૧૭ કામો જુદા-જુદા સ્થળોએ વરસાદી ગટર બનાવવાના કામે નાયબ માહિતી ખાતા મારફતે દૈનિક પેપરોમાં બહોળી પ્રસિધ્ધી કરાવી ઓનલાઈન ટેન્ડરીંગ (ટેન્ડર આઈ.ડી.નં.૪૩૪૮૮૯) કરવામાં આવતા ટેન્ડરરશ્રી એમ.એ.ખાચર , રાજકોટનું ટેન્ડર એસ્ટીમેઈટની રકમ રૂા.૨,૦૭,૮૫,૩૦૦/- થી ૧૦.૦૮% નીચા ભાવથી આવેલ રકમ રૂા.૧ ,૮૬,૯૦,૧૪૧.૭૬/- નીચા ભાવથી ટેન્ડર કા.સ.ઠ.નં.૨૯૨/તા:૧૪/૧૨/૨૦૨૦ થી મંજુર કરવામાં આવેલ. અને ટેન્ડર સ્પીશીફિકેશન મુજબ ૧૨ માસની સમય મર્યાદામાં કુલ-૧૭ કામો પૂર્ણ કરવા અંગે અત્રેની કચેરીએથી તા:૨૪/૧૨/૨૦૨૦ થી જરૂરી વર્કઓર્ડર આપવામાં આવેલ અને એજન્સી દ્વારા આપવામાં આવેલ વર્કઓર્ડર મુજબ એજન્સી દ્વારા જે તે સ્થળ ઉપર કામગીરી શરૂ કરવામાં આવેલ છે. અને કુલ કામો પૈકી ૦૨ કામો પૂર્ણ કરેલ છે.

વધુમાં સદરહુ એજન્સી દ્વારા તા:૧૩/૦૭/૨૦૨૧ થી અત્રેની કચેરીએ પત્ર રજુ કરેલ છે. જેમાં સદરહુ કામની મુદ્દતમાં વધારો કરવા અંગેની માંગણી કરેલ છે. હાલે કોરોનાની વૈશ્વિક મહામારી (બીજી લહેર) ને કારણે સદરહુ એજન્સીના કામદારો ગોધરા અને અન્ય રાજયમાં પોતાના ઘરે પરત ગયેલ હોય, અને હાલે ચોમાસાની સીઝન ચાલુ હોય , કામગીરી થઈ શકે એમ નથી. એમ જણાવેલ છે. સદરહુ એજન્સીના મંજુર થયેલ કામની મુદ્દત તા:૨૩/૧૨/૨૦૨૧ ના રોજ પૂર્ણ થાય છે. તો સદરહુ કામે ઉપરોક્ત પત્રમાં જણાવ્યા પ્રમાણેના કારણે મુજબ કામગીરીની મુદ્દતમાં વધારો કરી આપવાની જરૂરિયાત જણાતી હોય, અને ચોમાસાની સીઝનને ધ્યાને લઈ સદરહુ કામ ચોમાસાની સીઝનમાં ન થઈ શકેલ હોય, જેથી ચર્ચા વિચારણાને અંતે ઉપરોક્ત કામો સત્વરે પૂર્ણ કરવા માટેના બાકી કામોનું લીસ્ટ રજુ કરી, સમય મર્યાદામાં ૦૬-માસની મુદ્દતમાં વધારો કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.....

કામ.નં. – ૧૪

વિષય.: કા.સ.તા:-૨૧/૦૨/૨૦૨૨ ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકાના બીજા માળ ઉપર હોલની બાજુમાં ૧૦'-૦" x ૧૨' – ૦" ની સાઈઝની કેબીન આવેલ છે. જેમાં હાલે કોઈ બારી મુકવામાં આવેલ નથી. જો બારીની સગવડ કરવામાં આવે તો જુ.ટાઉન પ્લાનર માટે કેબીન બનાવી શકાય એમ છે. જે અંગેનું એસ્ટીમેઈટ રૂા.૨૬,૩૬૪/- મંજુર કરવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ. : શ્રી ભરતભાઇ સી.પટેલ

સભ્યશ્રી ઉર્વશીબેન પટેલ, સોનલબેન પટેલ, નિતેશભાઈ વશી, મહેબૂબ ગુલશેરખાન પઠાણ દ્વારા સદરહુ કામે વાંધો નોંધાવવામાં આવ્યો.

ઠરાવ.:-

કા.સ.ઠ.નં.૨૬૪/તા.૨૧-૦૨-૨૦૨૨ વલસાડ નગરપાલિકાના બીજામાળ ઉપર હોલની બાજુમાં ૧૦'-૦" × ૧૨'-૦" ની સાઈઝની કેબીન આવેલ છે. જેમાં હાલે કોઈ બારી મુકવામાં આવેલ નથી. જો બારીની સગવડ કરવામાં આવે તો જુ.ટાઉન પ્લાનર માટે કેબીન બનાવી શકાય એમ છે. જેથી ૧-બારી પ્રથમમાળે-વહીવટી શાખા માટે તથા ૧-બારી બીજામાળે ટી.પી. ઓફિસ માટે બનાવવા અંગેના કામનું એસ્ટીમેઈટ રૂા.૨૬,૩૬૪/- પુરાનું મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે.

બ.મ. મંજુર..

કામ.નં. – ૧૫

વિષય.: કા.સ.ઠ.તા:-૨૧/૦૨/૨૦૨૨ ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકાની જુની ઓફીસ ઉપર આવેલ કેકી શ્રોફ સભાખંડમાં વ.ન.પા. દ્વારા સરકારશ્રી તરફથી ચાલતી કચેરી "રોજગાર વિનીમય કચેરી" ને ભાડેથી આપવા માટે સદરહુ હોલમાં સીલીંગ ખુબજ ખરાબ હાલતમાં હોવાથી નવી સીલીંગ શીટ લગાવવામાં આવેલ જે અંગેનું આવેલ બીલ રૂ ।.૬૨,૦૦૦/- પુરા મંજુર કરવા બાબત.

દ.મુ.: શ્રી છાયાબેન યુ.પટેલ
ટે.આ.: શ્રી ઉર્મિબેન એ.દેસાઇ

ઠરાવ.:-

કા.સ.ઠ.નં.૨૬૫/તા.૨૧-૦૨-૨૦૨૨ વલસાડ નગરપાલિકાની જુની ઓફીસ ઉપર આવેલ કેકી શ્રોફ સભાખંડમાં વ.ન.પા. દ્વારા સરકારશ્રી તરફથી ચાલતી કચેરી "રોજગાર વિનીમય કચેરી" ને ભાડેથી આપવા માટે સદરહુ હોલમાં સીલીંગ ખુબજ ખરાબ હાલતમાં હોવાથી તાત્કાલિક ધોરણે જુની શીટને ઉતારી તેની જગ્યાએ નવી સીલીંગ શીટ લગાવવામાં આવેલ. સદરહુ કામ વલસાડ સ્થાનિક અજમલ અલી ખાન ,વલસાડ દ્વારા કરાવવામાં આવેલ. જે અંગેનું આવેલ બીલ રૂ ।.૬૨,૦૦૦/- પુરાનું મંજૂર કરવાનું તેમજ રોજગાર વિનીમય કચેરી,વલસાડ પાસે જે સમયથી તેઓને ભાડેથી વપરાશ અર્થે આપેલ છે. જે સમયથી ભાડું વસુલ કરવા અંગે જરૂરી આગામી કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ.નં. – ૧૬

વિષય.: કા.સ.ઠ.તા:-૨૧/૦૨/૨૦૨૨ ની ભલામણ મુજબ , વલસાડ નગરપાલિકા સંચાલિત મહાત્મા ગાંધી સાર્વજનિક પુસ્તકાલય , વલસાડ માટે સને: ૨૦૨૦-૨૦૨૧ ના વર્ષ માટે રૂ|.૪,૩૬,૧૯૦/- ની મળેલ અને જમા ગ્રાન્ટમાંથી રૂા.૧ ,૦૦,૦૦૦/- ના નવા લેટેસ્ટ પુસ્તકોની ગુજરાત રાજ્ય સરકાર દ્વારા ટેન્ડર પ્રથામાંથી મુક્તિ મેળવનારી સંસ્થા ગુજરાત પુસ્તકાલય સહાયક સહકારી સેવા મંડળ, વડોદરા પાસેથી ખરીદી કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત.

દ.મુ.: શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ.:શ્રી વિમલ એસ.ગજધર

ઠરાવ.:-

કા.સ.ઠ.નં. ૨૬૬/તા.૨૧-૦૨-૨૦૨૨ વલસાડ નગરપાલિકા સંચાલિત મહાત્મા ગાંધી સાર્વજનિક પુસ્તકાલય, વલસાડ માટે સને: ૨૦૨૦-૨૦૨૧ ના વર્ષ માટે રૂ |.૪,૩૬,૧૯૦/- ની મળેલ અને જમા ગ્રાન્ટમાંથી રૂા.૧,૦૦,૦૦૦/- ના નવા યાદી મુજબના લેટેસ્ટ પુસ્તકોની ખરીદી કરવા માટેની જરૂરીયાત છે. નામદાર સરકારશ્રીના આગામી વાંચન મિશન-૨૦૨૨ હેઠળ નાગરિકોને સાક્ષર અને સૂટેરવાળા બનાવવાનું વાંચન અભિયાન મિશન વાંચન-૨૦૨૨ અંતર્ગત લાયબ્રેરી માટે નવા પુસ્તકો વસાવવાની ખુબજ જરૂરીયાત છે અને ગ્રંથપાલ ખાતું , ગાંધીનગર તરફથી પણ નવા પુસ્તકની ખરીદી માટે સુચન કરેલ છે. તેમજ પુસ્તકાલયના સભ્યપદ ધરાવતા વાચક સભ્યો તરફથી નવા પુસ્તકો મંગાવવા માટે સુચનો પણ કરવામાં આવેલ છે. જે હકીકતો ધ્યાને લઈ , ગુજરાત રાજય સરકાર દ્વારા ટેન્ડર પ્રથાથી મુક્તિ મેળવનારી સંસ્થા ગુજરાત પુસ્તકાલય સહાયક સહકારી સેવા મંડળ ,વડોદરા પાસેથી ખરીદવા માટે સદરહુ પુસ્તક જમા ગ્રાન્ટ માથી રૂ |.૧,૦૦,૦૦૦/- ના નવા અદ્યતન પુસ્તકોની ખરીદી કરવા અંગે આગળની કાર્યવાહી હાથ ધરવાનું મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ. મંજુર..

કામ નં.૧૭ :

વિષય.: કા.સ. તા:-૨૧/૦૨/૨૦૨૨ તથા હો.ક.ઠ.નં. ૦૭/ તા: ૦૮/૦૭/૨૦૨૧, ઠ. નં. ૧૧, ૧૨ / તા: ૨૦/૦૮/૨૦૨૧ ની ભલામણ મુજબ હોસ્પીટલ માટે જરૂરી એવો ઑક્સીજન સીલીન્ડર (જમ્બો) ઑક્સીજન પ્લાન્ટના ઑક્સીજન પાઇપ લાઇન સાથે જોડવા કોપર પાઇપ લાઇન, તેમજ ઑક્સીજન પ્લાન્ટના ફરતે જાળી લગાવી ફેબ્રીકેશન વર્ક અંગેના જુદા-જુદા આવેલ બીલો મંજુર કરવા બાબત.

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ
ટે.આ :શ્રી પ્રવીણભાઈ એસ.પટેલ

ઠરાવ:-

કા.સ. તા:-૨૧/૦૨/૨૦૨૨ તથા હો.ક.ઠ.નં. ૦૭/ તા: ૦૮/૦૭/૨૦૨૧, ઠ.નં. ૧૧, ૧૨ /તા:૨૦/૦૮/૨૦૨૧ ની ભલામણ મુજબ મ્યુનિસિપલ હોસ્પિટલ વલસાડને સરકારશ્રી દ્વારા ડી.સી.એચ.સી. જાહેર કરવામાં આવેલ છે. હાલે કોવીડ-૧૯ નો બીજો તબક્કો ચાલી રહેલ છે. અને હાલે સદરહુ મહામારી આવનારા દિવસોમાં વધુ તીવ્ર બનવાના એંધાણ હોય જે અન્વયે સરકારશ્રી દ્વારા ત્રીજા તબક્કાની પૂર્વ તૈયારીઓ કરવા જણાવેલ છે. પાછલા વર્ષમાં આવેલ કોવીડ-૧૯ મહામારીમાં જે ક્ષતીઓ જોવા મળેલ છે. તે ક્ષતીઓ આવનાર સમયમાં ન જોવા મળે અને કોવીડ-૧૯ ની મહામારીને પહોંચી વળવા સક્ષમતા દર્શાવવાના ભાગરૂપે આગવી તૈયારી કરવાની થાય છે. જે અન્વયે સરકારશ્રી તરફથી મળેલ સુચનાઓને ધ્યાને લઈ આવનાર સમય માટે જરૂરી એવી વ્યવસ્થાના ભાગરૂપે હાલે (૧) હોસ્પીટલ માટે જરૂરી એવો ઓક્સીજન સીલીન્ડર (જમ્બો) નવા ખરીદ કરવા (૨) ઓક્સીજન પ્લાન્ટના ઓક્સીજન પાઇપ લાઇન સાથે જોડવા કોપર પાઇપ લાઇન , તેમજ (૩) ઓક્સીજન પ્લાન્ટના ફરતે જાળી લગાવી ફેબ્રીકેશન વર્ક અંગેની જુદી-જુદી કામગીરીઓ કરાવેલ. જે કરાવેલ કામગીરીને બહાલ રાખી, ઉપરોક્ત જણાવેલ (૧), (૨),(૩) અંગેની કરાવેલ કામગીરીના આવેલ સદર બીલો મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.....

કામ નં.૧૮ :

વિષય.: કા.સ.તા:-૨૧/૦૨/૨૦૨૨ ની ભલામણ મુજબ, ગુ.મ્યુનિ.ફાઈ.બોર્ડ,ગાંધીનગરના પત્ર ક્રમાંક નં.:મફબ/ યુ-૨/ ૧૫મું નાણાપંચ / બીજો હપ્તો/ ટાઈડ ગ્રાન્ટ / ૨૦૨૦-૨૧/ ૧૮૧૫૦/ તા:૧૨/૧૧/૨૦૨૧ થી ટાઈડ ગ્રાન્ટ પેટે રૂા. ૧૫૩૮૭૬૫૪/- ફાળવવામાં આવેલ છે. જે ફાળવેલ ગ્રાન્ટના કામો નક્કી કરવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી ઉર્મિ એ.દેસાઇ

ઠરાવ:-

કા.સ.તા:-૨૧/૦૨/૨૦૨૨ ની ભલામણ મુજબ, ગુ.મ્યુનિ.ફાઈ.બોર્ડ,ગાંધીનગરના પત્ર ક્રમાંક નં.:મફબ/યુ-૨/ ૧૫મું નાણાપંચ / બીજો હપ્તો / ટાઈડ ગ્રાન્ટ / ૨૦૨૦-૨૧ / ૧૮૧૫૦/તા:૧૨/૧૧/૨૦૨૧ થી ટાઈડ ગ્રાન્ટ રૂા.૧૫૩૮૭૬૫૪/- થી ૧૫મું નાણાપંચની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ. સદરહુ ફાળવેલ ગ્રાન્ટ પૈકી નીચે મુજબના કામોનું આયોજન કરી નિયમોનુસાર જરૂરી આગામી કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ.નં. | વોર્ડ નં. | કામનું નામ | કામનો પ્રકાર | એસ્ટીમેઈટની રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૧ | સુઘડ ફળિયા, સોનબાઈ મહેરબાઈ મંદિર પાસે કિરણભાઈના ઘર થી રમેશભાઈ દયાળજીના ઘર તેમજ બ્રહ્મદેવ મંદિર વિસ્તારમાં પીવાના પાણીની પાઇપ લાઇન નાખવાનું કામ | પીવાના પાણીની લાઇન | ૫૪૬૦૦૦ |
| ૨ | ૨ | વલસાડ-પારડી ઇ.એસ.આર. મુખ્ય લાઇન થી કશ્મીરનગર નદી સુધી અને બરૂડીયાવાડની અંદરની ગલીમાં પીવાના પાણીની પાઇપ લાઇન નાખવાનું કામ | પીવાના પાણીની લાઇન | ૧૫૫૬૫૦૦ |
| ૩ | ૩ | મોગરાવાડી અક્ષરધામ સોસાયટી વિસ્તારમાં મુખ્ય લાઇન થી અંદરની લાઇન સુધી પીવાના પાણીની પાઇપ લાઇન નાખવાનું કામ | પીવાના પાણીની લાઇન | ૧૭૦૦૧૦૦ |
| ૪ | ૭ | નાના તાઈવાડ મસ્જિદ મુખ્ય લાઇન થી કે.કે. બેકરી,શાપુરનગર અને રાખોડીયા તળાવની સામે, જલારામ મંદિર ખંડુભાઈના ઘરની ગલી વિસ્તારમાં પીવાના પાણીની પાઇપ લાઇન નાખવાનું કામ | પીવાના પાણીની લાઇન | ૧૦૪૯૧૦૦ |
| ૫ | ૮ | તિથલ રોડ, ગોયા તળાવ મુખ્ય લાઇન થી દિપસિંહભાઈના ઘરની બાજુની ગલીમાં (મનીષભારતીની સોસાયટીની પાછળ) પીવાના પાણીની પાઇપ લાઇન નાખવાનું કામ | પીવાના પાણીની લાઇન | ૧૬૮૬૦૦ |
| ૬ | - | વલસાડ નગરપાલિકા હસ્તક પીવાના પાણીની મેઇન લાઇનના નવા વાલ્વ નાખવા બાબત. | પીવાના પાણીની લાઇનના વાલ્વ | ૯૮૫૭૦૦ |
| | | | **કુલ રકમ રૂા.** | ૬૦૦૬૦૦૦ |

**સ.મ.મંજુર.....**

કામ નં.૧૯ :

વિષય.: કા.સ.તા:-૨૧/૦૨/૨૦૨૨ ની ભલામણ મુજબ, શ્રમ અને રોજગાર વિભાગ તા:૨૩/૦૬/૨૦૨૦ ના નોટીફીકેશન અને શ્રમ અને રોજગાર વિભાગના તા:૦૭/૦૩/૨૦૨૦ ના વિગત અનુસાર ઇ-નગર યોજના અંતર્ગત શોપ અને એસ્ટાબ્લીશમેન્ટ મોડ્યુલ જણાવ્યા મુજબ કાર્યવાહી કરવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી પ્રવિણાબેન એસ.પટેલ

ઠરાવ:-

કા.સ.તા:-૨૧/૦૨/૨૦૨૨ ની ભલામણ મુજબ , શોપ્સ ઇન્સપેક્ટરશ્રી , વલસાડ નગર સેવા સદન તથા ચીફ ઓફિસરશ્રીનો રીપોર્ટ વંચાણે લીધો. વલસાડ નગર સેવા સદન તેમજ અબ્રામા ઝોન તથા મોગરાવાડી ઝોન વિસ્તારના તમામ દુકાનો તથા વેપારી સંસ્થાના માલિકોને ખબર આપવામાં આવે છે કે, વલસાડ નગર સેવા સદન ગુમાસ્તાધારા (શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ) અગાઉ ઇ-નગર સિસ્ટમમાં The Bombay Shops and Establishment Act 1948 પ્રમાણે ગુમાસ્તાધારા માટે નોંધણી પ્રમાણપત્ર ( New/ Renew/ Modification) ની જોગવાઈ કરેલ હતી. શ્રમ અને રોજગાર વિભાગ તા:૨૩/૦૬/૨૦૨૦ ના નોટીફીકેશન અને શ્રમ અને રોજગાર વિભાગના તા:૦૭/૦૩/૨૦૨૦ ના The Gujarat Shops & Establishment (Regulation of Employments & Conditions of Services) Act 2019 ની વિગત અનુસાર ઇ-નગર યોજના અંતર્ગત શોપ અને એસ્ટાબ્લીશમેન્ટ મોડયુલમાં જરૂરી (ઇંપ્લીમેન્ટશન) સુધારા/ વધારા કરેલ જે સરકારશ્રીની ગાઈડ લાઇન મુજબ સંસ્થામાં ૦ થી ૯ કર્મચારી (પગારદાર) ની સંખ્યા રાખવામાં આવેલ હશે તેમણે રજીસ્ટ્રેશન કરવા માટે નમુનો-ડી ફોર્મ ભરવાનું રહેશે. તેમજ ૧૦ કે તેથી વધુ કર્મચારી (પગારદાર) રાખવામાં આવેલ હશે. તે રજીસ્ટ્રેશન કરવા માટે નમુનો-એ ફોર્મ ભરી સર્ટીફિકેટ મેળવી શકશે. જે જુના ગુમાસ્તાધારા (શોપ્સ એસ્ટાબ્લીશમેન્ટ) લાયસન્સ (નોંધણી) રજીસ્ટ્રેશન નંબર રદ થયેલ ગણાશે તેમજ રીન્યુઅલની કામગીરી કરવાની રહેતી નથી અને વન ટાઈમ રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.

૧૦ કે વધુ કર્મચારી (પગારદાર) રાખવામાં આવેલ હોય તેમણે નીચે મુજબની ફી ભરવાની રહેશે.

(૧) Establishment ( વાણિજ્ય સંસ્થા) – ૫૦૦.

(૨) Shops. (દુકાન)-૫૦૦.

(૩) Residential Hotels. (રહેણાંક હોટલ)- ૨૫૦૦.

(૪) Restaurants And Eating Houses (રેસ્ટોરન્ટ અને ભોજનાલય ગૃહો)-૧૦૦૦.

(૫) Theatres And Other Places of Public Amusement Of Entertainment. (થિયેટરો અને જાહેર મનોરંજન અથવા મનોરંજનના અન્ય સ્થળો)- ૫૦૦૦.

(૬) Modification(ફેરફાર)- ૫૦૦.

ઇ-નગર યોજના અંતર્ગત નવા એક્ટ- ૨૦૧૯ મુજબ શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ મોડ્યુલની ઓફલાઇન ટ્રેઇનીંગ તા:૦૬/૧૨/૨૦૨૧ ના રોજ ઇ-નગર એજન્સી દ્વારા તાલીમમાં જણાવવામાં આવેલ જે મુજબની કામગીરી કરવાની થાય જેની માહિતી નીચે મુજબ છે.

(૧) બોમ્બે શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ એક્ટ- ૧૯૪૮ કાયદો રદ કરવામાં આવેલ છે.

(૨) ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ એક્ટ-૨૦૧૯ નો કાયદો અમલમાં આવેલ છે.

(૩) સંસ્થામાં ૧૦ વ્યક્તિઓ કામકાજ કરતાં હશે તેમને સંસ્થા નોંધણી પ્રમાણપત્ર આપવામાં આવશે.

(૪) જે સંસ્થામાં ૧૦ કર્મચારી (પગારદાર) થી ઓછા હશે તેમણે ફક્ત સંસ્થા નોંધણી રસીદ આપવામાં આવશે.

(૫) નવા કાયદા મુજબ શોપ લાયસન્સ રીન્યુઅલ કરવાના નથી.

(૬) તમામ નોંધણી થયેલ જુના લાયસન્સ/ સંસ્થા નોંધણી પ્રમાણપત્ર નવેસરથી ડૉક્યુમેન્ટ લઈ નોંધણી ઓનલાઈન પોર્ટલ પરથી નોંધણી કરાવવી.

(૭) સંસ્થા નોંધણી ફક્ત રસીદ આપવી કે કોઈપણ પ્રકારની ફી નથી. રસીદ પર સહી સિક્કા આવશે નહી.

(૮) ઓનલાઈન સંસ્થા નોંધણી અરજીનો નિકાલ એક જ દિવસમાં કરવો.

(૯) ૧૦ થી વધુ (પગારદાર) કર્મચારી હોય તે લાયસન્સમાં સુધારા વધારા થઈ શકશે.

(૧૦) સંસ્થા ભાડાથી ચાલી આવેલ હોય તો સંસ્થાના માલિકને મકાન એન.ઓ.સી. લેવા જણાવેલ છે. અરજદારે નોંધણી અંગેની કાર્યવાહી કરવા માટે આવે ત્યારે નોટરી કરેલ ભાડા કરાર રજુ કરવાનો રહેશે.

ઉપરોક્ત બાબતે શ્રમ અને રોજગાર વિભાગ તા:૨૩/૦૬/૨૦૨૦ ના નોટીફીકેશન અને શ્રમ અને રોજગાર વિભાગના તા:૦૭/૦૩/૨૦૨૦ ના The Gujarat Shops & Establishment (Regulation of Employments & Conditions of Services) Act 2019 ની વિગત અનુસાર ઇ-નગર યોજના અંતર્ગત શોપ અને એસ્ટાબ્લીશમેન્ટ મોડયુલ જણાવ્યા મુજબ કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર....

કામ નં.૨૦ :

વિષય.: કા.સ.તા:-૨૧/૦૨/૨૦૨૨ ની ભલામણ મુજબ, જીલ્લા આયોજન કચેરી વલસાડના પત્ર ક્રમાંક નં.અજન/સં.મ/વિ.આયો.૨૦૨૨-૨૩/દરખાસ્ત/૨૦૨૨/ ૦૦૧-૦૧૩/ તા:૦૧/૦૧/૨૦૨૨ થી આવેલ પત્રમાં જણાવ્યા મુજબ વિકેન્દ્રીત જીલ્લા આયોજન કાર્યક્રમ વર્ષ:૨૦૨૨-૨૩ ના વર્ષમાં વિકાસના કામોનું આયોજન કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી વર્ષાબેન એ.પાનવાલા

ઠરાવ:-

કા.સ.તા:-૨૧/૦૨/૨૦૨૨ ની ભલામણ મુજબ, જીલ્લા આયોજન કચેરી વલસાડના પત્ર ક્રમાંક નં.અજન /સં.મ / વિ.આયો. ૨૦૨૨-૨૩/ દરખાસ્ત/ ૨૦૨૨/ ૦૦૧-૦૧૩/ તા:૦૧/૦૧/૨૦૨૨ થી આવેલ પત્રમાં જણાવ્યા મુજબ વિકેન્દ્રીત જીલ્લા આયોજન કાર્યક્રમ વર્ષ:૨૦૨૨-૨૩ ના વર્ષમાં વિકાસના કામોનું આયોજન કરવાનું જણાવેલ છે. સદરહુ કામોમાં સરકારશ્રીના તા:૨૩/૧૦/૨૦૧૩ ના અને તા: ૩૦/૦૯/૨૦૧૫ ના ઠરાવ મુજબ કુલ મળવાપાત્ર જોગવાઈના ૧૫% થી વધુ સી.સી. રસ્તા અને ૧૫% થી વધુ પેવરબ્લોકના કામોનું આયોજન કરી શકાતું નથી. તે મુજબ સદરહુ ગ્રાન્ટના કામોનું આયોજન કરવા જણાવેલ છે. જે હકીકતોથી વિદિત થતાં નગરપાલિકા હદ વિસ્તારમાં જુદા-જુદા પ્રકારના નીચે જણાવ્યા મુજબના કામો કરવા અંગેની નિયમોનુસાર જરૂરી આગામી કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

૧) વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં અબ્રામા ખાતે આવેલ તડકેશ્વર પ્લોટમાં ડામર રોડનું કામ રૂ.૬,૫૦,૦૦૦/-

૨) વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં અબ્રામા ખાતે આવેલ ધારાનગર સુર્યદર્શનવાળી ગલીમાં ડામર રોડનું કામ રૂ.૩,૫૦,૦૦૦/-

૩) વોર્ડ નં. ૦૨ મણિલાલના ઘરથી ધનસુખભાઈ મિસ્ત્રીના ઘર સુધી ડ્રેનેજ લાઇન નાંખવાનું કામ રૂ.૩,૫૦,૦૦૦/-

૪) વોર્ડ નં.૫ માં કોચર ફળિયા વિસ્તારમાં ડ્રેનેજ લાઇન નાંખવાનું કામ રૂ.૨,૦૦,૦૦૦/-

૫) વોર્ડ નં.૫ માં યુનિક રેસીડેન્સીના પાછળ પ્રકાશભાઈના ઘરથી ગૌરાંગભાઈના ઘર સુધી વરસાદી ગટર નાંખવાનું કામ રૂ.૧૦,૦૦,૦૦૦/-

સ.મ.મંજુર.....

કામ નં.૨૧ :

વિષય.: કા.સ.તા:-૨૧/૦૨/૨૦૨૨ ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ (૧) બીનાનગર સોસાયટી,અબ્રામા,(પ્લોટ નં-૪૧ થી ૬૮ અને પ્લોટ નં-૭૫ થી ૮૬) (૨) રોનક રો હાઉસ, તિથલ રોડ, (૩) શ્રી રાજેશ્વરી કો.ઑ.હા.સો.લી., તિથલ રોડ, ખાનગી સોસાયટીઓમાં મુખ્ય તેમજ આંતરિક રોડ નગરપાલિકામાં સુપ્રત કરવા માટે તેમજ સદરહુ રસ્તાઓને સાર્વજનિક રસ્તા તરીકે જાહેર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી જેષ્ટિકા ડી.પટેલ

ઠરાવ:-

કા.સ.તા:-૨૧/૦૨/૨૦૨૨ ની ભલામણ મુજબ , વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ જુદા-જુદા વિસ્તારમાં ખાનગી સોસાયટીઓનું ડેવલોપમેન્ટ હાલે ચાલુ છે. જે અન્વયે નીચે જણાવ્યા મુજબની ખાનગી સોસાયટીઓના રહીશો દ્વારા વલસાડ નગરપાલિકાને તેઓની ખાનગી સોસાયટીના મુખ્ય રસ્તાઓ તેમજ આંતરિક રસ્તાઓ નગરપાલિકાને સુપ્રત કરવા સ્ટેમ્પ પેપર પર લખાણ કરી નોટરી કરાવી અત્રેની કચેરીએ રજુ કરેલ છે. જેમાં જણાવ્યા મુજબ જે તે ખાનગી સોસાયટીઓ દ્વારા સદરહુ સોસાયટીના આંતરિક રસ્તાઓ નગરપાલિકાને સુપ્રત કર્યેથી નગરપાલિકા તરફથી જે તે પ્રકારની પાયાની સુવિધાઓ પૂરી પાડવા જણાવેલ છે. તો સદરહુ વિસ્તારની ખાનગી સોસાયટીઓના રસ્તા સુપ્રત કરવા બાબતે ધી ગુ.ન. અધિ.-૧૯૬૩ ની કલમ-૧૪૮ હેઠળ મળેલ સત્તાની રૂએ સદર રસ્તા તરીકે જાહેર કરવા બાબતે કોઈપણ ઈસમ થી આ જમીનના માલિકને નગરપાલિકાના આ ઈરાદા સામે વાંધો કે વિરોધ હોય તેવા ઇસમો પાસેથી વાંધાસૂચનો (૦૧ –માસ) માં મેળવવા અંગે જાહેર નોટીસ પ્રસિધ્ધ તારીખ: ૦૫/૧૨/૨૦૨૧ (ગુજરાત સમાચાર) થયેલ છે. જેની જાહેર નોટીશની મુદ્દત પૂર્ણ થયેલ છે. જેમાં કોઈ સોસાયટીની વાંધા અરજી મુદ્દતમાં આવેલ નથી. જે હકીકતોને ધ્યાને લેતાં નીચે જણાવ્યા મુજબની સોસાયટીઓના મુખ્ય તેમજ આંતરિક રોડ નગરપાલિકામાં સુપ્રત કરવા માટે તેમજ સદરહુ રસ્તાઓને સાર્વજનિક રસ્તા તરીકે જાહેર કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું તેમજ નગરપાલિકાને ભવિષ્યમાં જનહિતના કામો જેવા કે , પાણીની ટાંકી , ગાર્ડન વિગેરે કામો કરવાની જરૂરિયાત ઉપસ્થિત થાય તે માટે ૧૫% કન્સ્ટ્રક્શન કામ કરવાની શરતે નિયમોનુસાર જરૂરી આગામી કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

(૧) બીનાનગર સોસાયટી,અબ્રામા,(પ્લોટ નં-૪૧ થી ૬૮ અને પ્લોટ નં-૭૫ થી ૮૬)

(૨) રોનક રો હાઉસ, તિથલ રોડ.

(૩) શ્રી રાજેશ્વરી કો.ઑ.હા.સો.લી., તિથલ રોડ.

સ.મ.મંજુર.....

કામ નં.૨૨ :

વિષય.: કા.સ.તા:-૨૧/૦૨/૨૦૨૨ ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકા હસ્તકની મિલકતોને મરામત અને નિભાવણી કરવા અંગેના આવેલ કામે જરૂરી નિર્ણય થવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી ભરતભાઇ સીપટેલ

ઠરાવ:-

કા.સ.તા:-૨૧/૦૨/૨૦૨૨ ની ભલામણ મુજબ , નામદાર સરકારશ્રીની જુદી-જુદી યોજના હેઠળ વલસાડ નગરપાલિકા દ્વારા નગરપાલિકા હસ્તકની નીચે જણાવ્યા મુજબની મિલકતોને નિભાવણી અને મરામત કરવા એજન્સી પરથી ઓફરો મંગાવી એજન્સીને નિમણુંક આપવામાં આવે તો દર માસે નગરપાલિકાની સારી એવી આવક ઊભી થાય તેવા શુભ આશયથી સદરહુ મિલકતોને નિભાવણી અને મરામત કરવા કન્સલટન્ટશ્રીની નિમણુંક કરી ટેન્ડર બનાવી જાહેર ખબર આપી ઓફરો મંગાવવા અંગેની કાર્યવાહી કરવાનું જ.બો.ઠ.નં.૨૯/તા:૩૧/૦૭/૨૦૨૧ થી મંજુર કરવામાં આવેલ.

ઉપરોક્ત બાબતે માન્ય કન્સલટન્ટ પેનલમાં નોંધાયેલ અને અલગ-અલગ કામો માટે પ્રોજેકટોને અનુરૂપ જાણકારી ધરાવતાં તેમજ સદરહું મિલકતોની મરામત/નિભાવણી કરવાના કામે ટેન્ડર બનાવવાના અનુભવી એજન્સીના પ્રેઝનટેશન જોઈ વલસાડ નગરપાલિકાના પ્રોજેકટો માટે ગુજરાત સરકારશ્રીના ટુરીઝમ કોર્પોરેશન ઓફ ગુજરાત લીમીટેડ (ટી.સી.જી.એલ)/ એફોર્ડેબલ હાઉસીંગ મિશન (એ.એચ.એમ.)/ ગુજરાત અર્બન ડેવલોપમેન્ટ મિશન (જી.યુ.ડી.એમ.)/ ગુજરાત રૂરલ હાઉસીંગ બોર્ડ/ જી.આઈ.ડી.સી.ની કન્સલટન્ટ એંજિનિયરોની માન્ય પેનલમાં નોંધાયેલ હોય અને ઉપરોક્ત પ્રોજેકટમાં મરામત/ નિભાવણી કરવાના કામે ટેન્ડર બનાવવા માટે ૦૧ (એક) પ્રોજેકટ દીઠ કન્સલટન્ટ ફી નક્કી કરવા માટે નિયમોનુસાર જરૂરી આગામી કાર્યવાહી કરવાની સત્તા પ્રમુખશ્રી , ચેરમેનશ્રી-કારોબારી સમિતી , ચેરમેનશ્રી-મંત્રણા સમિતિ(ગાર્ડન તથા તળાવ ડેવલોપમેન્ટ) , ચીફ ઓફિસરશ્રી વલસાડ નગરપાલિકાને આપવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

૧) સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ.

૨) મોરારજી દેસાઇ મ્યુઝિયમ અને ઓડિટોરિયમ હોલ.

૩) કલ્યાણ બાગ.

૪) મલ્ટીલેવલ પાર્કીંગ.

૫) નગરપાલિકા સંચાલિત તળાવો તેમજ તમામ પોકેટ ગાર્ડન.

૬) નગરપાલિકા સંચાલિત તમામ પે એન્ડ પાર્ક પ્લોટ.

સ.મ.મંજુર.....

કામ નં.૨૩ :

વિષય.: કા.સ.તા:-૨૧/૦૨/૨૦૨૨ ની ભલામણ મુજબ, ના.સરકારશ્રીની ૧૫માં નાણાપંચના હુકમ નં.મફબ/યુ-૨/૧૫મું નાણાપંચ/ પ્રથમ હપ્તો/૨૦૨૦-૨૧/૭૫૨૩ / તા:૦૧/૦૬/૨૦૨૦ (૨) ના.સરકારશ્રીની ૧૫માં નાણાપંચ હુકમ નં.મફબ/યુ-૨/૧૫મું નાણાપંચ/બીજો હપ્તો (અનટાઈડ ગ્રાન્ટ)/૨૦૨૦-૨૧/૫૪૪૫ ગ્રાન્ટની કુલ રકમ રૂ.૬૭,૩૩,૧૦૦/- માંથી નવા કામોનું આયોજન નક્કી કરવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી રવિન્દ્રભાઈ આર.મહાકાલ

ઠરાવ:-

ચર્ચા વિચારણાના અંતે સદરહુ કામ મુલત્વી રાખવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.....

કામ નં.૨૪ :

વિષય.: કા.સ.તા:-૨૧/૦૨/૨૦૨૨ ની ભલામણ મુજબ, ના. સરકારશ્રીની ગુ.મ્યુનિ.ફાઈ. બોર્ડના પત્ર ક્રમાંક નં.દ.હુ.નં. મફબ/SJMMSVY - UDP - 88/ ત્રી.ત./ 2020 - 21 /ન. પા.-આં.મા. વિ/ પ્ર.હ./૨૦૨૦/ ૧૨૨૧૧/તા:૦૫/૦૮/૨૦૨૦ની ગ્રાન્ટ પૈકી બચત રકમ માંથી નવા કામો નક્કી કરવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી ડો.પુષ્પા આર.ઓઝા

ઠરાવ:-

કા.સ.તા:-૨૧/૦૨/૨૦૨૨ ની ભલામણ મુજબ , ના.સરકારશ્રીની ગુ.મ્યુનિ.ફાઈ.બોર્ડના પત્ર ક્રમાંક નં.દ.હુ.નં. મફબ/ SJMMSVY-UDP-88/ ત્રી.ત./2020-21/ન.પા.-આં.મા.વિ/ પ્ર.હ./૨૦૨૦/ ૧૨૨૧૧/તા:૦૫/૦૮/૨૦૨૦થી વલસાડ નગરપાલિકાને ૨૦૨૦-૨૧ ના વિકાસલક્ષી કામો માટે રૂ।.૫.૦૦/- કરોડ ફાળવણી કરેલ છે. જે અન્વયે નગરપાલિકા દ્વારા જે તે પ્રકારના વિકાસલક્ષી કામોનું આયોજન કરી જનરલ બોર્ડમાં જરૂરી ઠરાવ કરવામાં આવેલ છે.

ના.સરકારશ્રીની ગુ.મ્યુનિ.ફાઈ.બોર્ડના પત્ર ક્રમાંક નં.દ.હુ.નં. મફબ/ SJMMSVY-UDP-88/ ત્રી.ત./2020-21/ન.પા.-આં.મા.વિ/ પ્ર.હ./૨૦૨૦/ ૧૨૨૧૧/ તા:૦૫/૦૮/૨૦૨૦ થી ફાળવવામાં આવેલ ગ્રાન્ટ અન્વયે નગરપાલિકા દ્વારા જ.બો.ઠ.નં.૮૬૨/તા:૦૯/૧૧/૨૦૨૦ થી વલસાડ નગરપાલિકા હદમાં જુદા-જુદા પ્રકારના વિકાસલક્ષી કુલ-૨૯ કામો મંજુર કરવામાં આવેલ. જે મંજુર કરેલ કામો પૈકી ( SCSP) "સુધડ ફળિયા વિસ્તારમાં કોમ્યુનિટી હોલ બનાવવાનું કામ " કે જેની નગરપાલિકા દ્વારા પ્રાદેશિક કમિશ્નરશ્રી , સુરત તા: ૨૯/૦૯/૨૦૨૧ ના ખાતેથી સદરહુ કામની તાંત્રિક મંજુરી મેળવેલ. ત્યારબાદ નગરપાલિકા દ્વારા સદરહુ મંજુર થયેલ કુલ-૨૧ કામોની વહીવટી મંજુરી મેળવવા અર્થે પ્રાદેશિક કમિશ્નરશ્રી , સુરત ખાતે તા:૨૭/૧૦/૨૦૨૧ ના રોજ મોકલવામાં આવેલ. જે અન્વયે પ્રાદેશિક કમિશ્નરશ્રી , સુરતખાતેથી તા:૩૦/૧૦/૨૦૨૧ થી કુલ-૨૦ કામોની વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. જેમાં ઉપરોક્ત જણાવેલ કામ (SCSP) " સુધડ ફળિયા વિસ્તારમાં કોમ્યુનિટી હોલ બનાવવાનું કામ " ની જમીનની માલિકીશ્રી સોનબાઈ મહેરબાઈ માતાજી , સુધડ ફળિયા મંડળના પ્રમુખશ્રી જયંતિભાઈ જોગીભાઈ પટેલના નામે હોય જે જમીન નગરપાલિકાની માલિકીની નહી હોવાથી સદરહુ કામ નામંજુર કરવામાં આવેલ છે. જેથી સદરહુ નામંજુર કરવામાં આવેલ કામની રકમ રૂ।.૫૫,૦૭,૬૦૦/- પુરાની રકમના નવા કામોનું આયોજન કરવાનું થાય છે. તેમજ જનરલ બોર્ડમાં જનરલ સદર હેઠળ છોટુભાઇ પાર્ક ૧ ,૨,૩ માં ડામર રોડના રૂ।. ૧૭૬૦૭૦૦/- તેમજ ગીતાબેનના ઘર પાસેના વિસ્તારમાં પેવર બ્લોકના રૂ।.૩૫૧૨૦૦/- પુરા એમ મળી કુલ રૂ।.૨૧,૧૧,૯૦૦/- પુરાના કામો મંજુર કરવામાં આવેલ છે. પરંતુ સદરહુ કામો ખાનગી સોસાયટીના હોય સદરહુ સોસાયટી દ્વારા નગરપાલિકામાં રસ્તાઓ સુપ્રત કરેલ ન હોય જેથી મંજુર કરેલ (૩) કામો રદ કરવાના થાય છે. જેથી ઉપરોક્ત મંજુર કામોના કુલ રૂ।.૭૬,૧૯,૫૦૦/- પુરાની રકમ માંથી નવા કામોનું આયોજન કરવાના થાય છે. સદરહુ રકમમાંથી નીચે મુજબના કામોનું આયોજન હાથ ધરી નિયમોનુસારની આગામી કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

| અનુ ક્રમ. | વોર્ડ નં. | કામનું નામ | કામનો પ્રકાર | એસ્ટીમેઈટની રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૧ | તુળજામાતા મંદિર થી દેસાઇવાડ રોડ અને દેરા ફળિયા વેદએવન્યુની સામેના વિસ્તારમાં વરસાદી પાણીની ગટર બનાવવાનું કામ | વરસાદી ગટર | ૭૭૨૮૦૦ |
| ૨ | ૧ | નવા હરીજનવાસ શહીદચોક થી મચ્છી માર્કેટ નીચે ચીકનની દુકાન વિસ્તારમાં વરસાદી ગટર બનાવવાનું કામ | વરસાદી ગટર | ૧૬૨૭૫૦૦ |
| ૩ | ૧ | આંધીયાવાડ,જળદેવી મંદિર થી સુરેશભાઈના ઘર પાસે જૂની ગટર પાસે વરસાદી ગટર બનાવવાનું કામ | વરસાદી ગટર | ૭૪૧૦૦૦ |
| ૪ | ૧ | કિરણભાઈના ઘર થી ભરતભાઈ કાયશ્થના ઘર થઈ જૂની ગટર સુધી વરસાદી ગટર બનાવવાનું કામ | વરસાદી ગટર | ૫૬૨૮૦૦ |
| ૫ | ૧ | તુળજા મંદિર પાસેના રોડ તેમજ દેરાફળિયાની સામે વેદએવન્યુ બિલ્ડીંગ વિસ્તારમાં પેવરબ્લોક બેસાડવાનું કામ | પેવરબ્લોક | ૩૮૪૩૦૦ |
| ૬ | ૧ | શહીદ ચોક થી વર્ષાબેનના ઘર અને સોનબાઈ મહેરબાઈ મંદિરની સામેના રોડ વિસ્તારમાં પેવરબ્લોક બેસાડવાનું કામ | પેવરબ્લોક | ૪૫૩૫૦૦ |
| ૭ | ૧ | દેરા ફળિયા વેદ એવન્યુ પાસેની જૂની ગટર થી ભક્ષા તરફની મુખ્ય ગટર સુધી વરસાદી ગટર બનાવવાનું કામ | વરસાદી ગટર | ૯૨૯૯૦૦ |
| ૮ | ૧૦ | મણિબાગ-૨ શીરીષ પટેલના ઘર થી નરેશ મિસ્ત્રીના ઘર થઈ રોનલ એપાર્ટમેન્ટ પાસેની જૂની ગટર સુધી વરસાદી ગટર બનાવવાનું કામ | વરસાદી ગટર | ૧૦૩૩૫૦૦ |
| ૯ | ૧૦ | ધારાનગર મુખ્ય રોડ થી આલાપ બિલ્ડીંગ અને મુખ્ય રોડ થી ગોકુળધામના જોઈન્ટ રોડ સુધી ડામર રોડ બનાવવાનું કામ | ડામર રોડ | ૩૪૫૪૦૦ |
| ૧૦ | ૧૦ | અબ્રામા સોના પ્લોટમાં નયનાબેન ચાંપાનેરીના ઘર પાસેનો આજુબાજુનો વિસ્તારમાં ડામર રોડ બનાવવાનું કામ | ડામર રોડ | ૧૦૦૦૦૦૦ |
| | | | કુલ રકમ રૂા. | ૭૮૫૦૭૦૦ |

સ.મ.મંજુર.....

કામ નં.૨૫ :

વિષય.: કા.સ. તા:-૨૧/૦૨/૨૦૨૨ ની ભલામણ મુજબ, મલ્ટીલેવલ પાર્કિંગ બનાવવાના કામે પ્રોજેક્ટના નિમણુંક પામેલ કન્સલટન્ટશ્રી ધવલ એંજિનીયર, ગાંધીનગર દ્વારા એસ્ટીમેઈટમાં જણાવ્યા મુજબ સદરહુ કામમાં થયેલ વધારાની કામગીરી પૂર્ણ કરવા જુલાઇ-૨૦૨૨ સુધી સમય વધારો આપવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી પંકજ ટી.આહિર

ઠરાવ:-

કા.સ.તા:-૨૧/૦૨/૨૦૨૨ ની ભલામણ મુજબ , નામદાર સરકારશ્રીની અમૃત યોજના સને: ૨૦૧૭-૨૦ ના વર્ષ દરમ્યાન અર્બન ટ્રાન્સપોર્ટેશન સેકટરમાં મલ્ટીલેવલ પાર્કિંગ ફોર પબ્લીક (ગ્રાઉન્ડ ફ્લોર + એકમાળ) બનાવવાના કામે નાયબ માહિતી ખાતા મારફતે દૈનિક પેપરમાં જાહેરાત આપી ઓનલાઈન ટેન્ડરો મંગાવવામાં આવતા મુદ્દત દરમ્યાન કુલ-૨ (બે) ટેન્ડરો આવેલ છે. સદરહુ કામની ટેન્ડરની આઈ.ડી.નં.૩૪૦૬૦૭ છે. સદરહુ આવેલ ટેન્ડર ડૉક્યુમેન્ટ તેમજ ઓનલાઈન ટેન્ડર તા:૧૮/૦૧/૨૦૧૯ ના રોજ ખુલ્લા કરવામાં આવેલ છે. સદરહુ ખુલ્લા કરવામાં આવેલ ટેન્ડરોનું તુલનાત્મક પત્રક જોતાં એકંદરે ઠેકેદારશ્રી મે.એસ .મે.સેલડીયા,સુરતનું ટેન્ડર એસ્ટીમેટેડ કોસ્ટ રૂ।.૨૦૦૦૬૯૫૬.૧૨/- કરતાં ૫.૩૬% નીચા ભાવથી આવેલ છે. જેથી નીચા ભાવ મુજબ રૂ।.૧૮૯૩૪૫૮૩.૨૭/- પુરાનું સૌથી નીચા ભાવથી ટેન્ડર આવેલ છે. તો સદરહુ નીચા આવેલ ભાવ કા.સ.ઠ.નં.-૩૫૧/તા:૨૫/૦૨/૨૦૧૯ થી મંજુર કરવામાં આવેલ છે.

નગરપાલિકા દ્વારા તા:૦૭/૦૩/૨૦૧૯ ના વર્ક ઓર્ડર ૧૨ મહિનાના સમયગાળા માટે આપવામાં આવેલ હતો. પરંતુ ઠેકેદારશ્રીની તા:૦૪/૧૦/૨૦૧૯ ની અરજીમાં જણાવ્યા મુજબ સદર જગ્યા પર ડ્રેનેજ પાઇપ લાઇન હોવાથી તેને સિફ્ટીંગ કરવા માટે તેમજ ઠેકેદારશ્રીની તા:૧૪/૧૦/૨૦૧૯ની અરજીમાં તળાવની જગ્યા હોવાથી SBC લેવામાં તથા સ્ટ્રક્ચર ડિઝાઇન કરવામાં અને ખાતમુહૂર્ત કરવામાં વિલંબ થતાં સદરહુ કામગીરી તા:૧૩/૦૨/૨૦૨૦ ના રોજ શરૂ કરવામાં આવેલ હતી. સરકારશ્રી દ્વારા COVID-19 ને વૈશ્વિક મહામારી જાહેર કરતાં , સરકારશ્રીના નિયમોનુસાર વધુ ૬ મહિનાનો સમય વધારો આપવાનો થાય છે. ઉપરોક્ત હકીકતને ધ્યાને લેતાં સદરહું કામગીરીનો તા:૧૩/૦૮/૨૦૨૧ ના રોજ સમયમર્યાદા પૂર્ણ થાય છે. જે હકીકત ધ્યાને લેતાં એજન્સીના તા:૩૦/૦૬/૨૦૨૧ ના અરજીમાં જણાવ્યા મુજબ વધારાના કામની મંજુરી મળેલ નહી હોવાના કારણે કામગીરીમાં વિલંબ થાય છે. જે હકીકત જોતાં સોઇલ બેરીંગ કેપેસીટી ( SBC) ઓછી આવેલ છે અને અત્રે કચેરીએ જરૂરી ચર્ચા વિચારણા કરતાં તથા ભવિષ્યમાં પાર્કિંગની સમસ્યાને ધ્યાને લઈ મલ્ટીલેવલ પાર્કિંગ ફોર પબ્લીકની સ્ટ્રકચર ડીઝાઇન કરવામાં આવેલ છે. (બીજો માળ + ગ્રાઉન્ડ ફ્લોર) ધ્યાને લેતાં સ્થળ ઉપર ટેન્ડર એસ્ટીમેઇટમાં જણાવ્યા મુજબની સ્ટ્રક્ચર ડીઝાઇન જેથી સદરહુ બાબતને કરતાં હેવી પાર્કિંગ બનાવવાના કામે સદરહુ સ્ટ્રક્ચર ડિઝાઇન જરૂરી છે. પ્રોજેક્ટના નિમણુંક પામેલ કન્સલટન્ટશ્રી ધવલ એન્જિનીયર, ગાંધીનગર દ્વારા એસ્ટીમેઈટમાં જણાવ્યા મુજબ સદરહુ કામમાં થયેલ વધારાની કામગીરીનો એસ્ટીમેઈટ મુજબ રૂા.૬૨ ,૨૮,૯૧૦/- થી વધારો થવા જાય છે. સદરહુ ખર્ચ નગરપાલિકા દ્વારા કા.સ.ઠ.નં.૫૩/તા:૧૮/૦૭/૨૦૨૦ તથા જ.બો.ઠ.નં.૮૦૧/તા:૦૯/૧૧/૨૦૧૧ થી મંજુર કરેલ છે. જે અંગે ગુજરાત શહેરી વિકાસ મિશન , ગાંધીનગર ખાતે જરૂરી આગળની મંજુરી મેળવવા અર્થે અત્રેની કચેરીએથી દરખાસ્ત સાદર કરેલ છે. અને હાલે સદરહુ દરખાસ્ત ગુજરાત શહેરી વિકાસ મિશન ,

ગાંધીનગર ખાતે પેન્ડીંગ છે. જેથી ઉપરોક્ત હકીકત ધ્યાને લેતાં સદરહુ કામગીરી તથા વધારાની કામગીરી પૂર્ણ કરવા નગરપાલિકા દ્વારા કા.સ.ઠ.નં.૧૧૧/તા:૧૯/૦૭/૨૦૨૧ ના રોજ એજન્સીને વધુ ૩ મહિનાનો સમય વધારો આપવામાં આવેલ હતો. પરંતુ ગુજરાત શહેરી વિકાસ મિશન , ગાંધીનગરમાં હાલે વધારાની કામગીરીની મંજુરી દરખાસ્ત પેન્ડીંગ છે. જેથી એજન્સીની તા:૦૯/૧૨/૨૦૨૧ ની અરજીમાં જણાવ્યા મુજબ ગુજરાત શહેરી વિકાસ મિશન , ગાંધીનગરમાં હાલે વધારાની કામગીરીની મંજુરી નથી મળતી ત્યાં સુધી સદરહુ કામગીરીને જુલાઇ-૨૦૨૨ સુધી સમય વધારો આપવા અંગેની જરૂરી કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.....

કામ નં.૨૬ :

વિષય.: કા.સ.તા:-૨૧/૦૨/૨૦૨૨ ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકા-વલસાડનું સને ૨૦૨૧-૨૦૨૨ના વર્ષનું રીવાઇઝડ બજેટ મેહસુલી આવક / ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂા.૪૯૯૮૨૦૦૦૦/- તથા મહેસુલી ખર્ચ/ ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂા.૫૭૨૬૯૩૫૦૦/- રીવાઇઝડ બજેટ મંજુર કરવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી ઉર્મિબેન એ.દેસાઇ

સભ્યશ્રી ગિરીશભાઇ દેસાઇ , નિતેશભાઈ વશી , રમેશભાઈ પટેલ , ઉર્વશીબેન પટેલ , સોનલબેન પટેલ, મહેબૂબ ગુલશેરખાન પઠાણ વિગેરેએ ચર્ચામાં ભાગ લઈ જરૂરી સૂચનો રજુ કર્યા.

સભ્યશ્રી ઉર્વશીબેન પટેલ , સોનલબેન પટેલ , નિતેશભાઈ વશી , મહેબૂબ ગુલશેરખાન પઠાણ દ્વારા સદરહુ કામે વાંધો નોંધાવવામાં આવ્યો.

ઠરાવ:-

કા.સ.તા:-૨૧/૦૨/૨૦૨૨ ની ભલામણ મુજબ , વલસાડ નગરપાલિકા-વલસાડનું સને ૨૦૨૧-૨૦૨૨ ના વર્ષનું રીવાઇઝડ બજેટ મેહસુલી આવક/ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂ ।.૪૯૯૮૨૦૦૦૦/- તથા મહેસુલી ખર્ચ/ ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂા.૫૭૨૬૯૩૫૦૦/- રીવાઇઝડ બજેટમાં એકાઉન્ટન્ટશ્રીના રીપોર્ટમાં જણાવ્યા મુજબ સુધારા – વધારા સહિતનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

બ.મ.મંજુર.....

કામ નં.૨૭ :

વિષય.: કા.સ.તા:-૨૧/૦૨/૨૦૨૨ ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકા-વલસાડનું સને ૨૦૨૨-૨૦૨૩ ના વર્ષનું બજેટ મેહસુલી આવક/ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂ।.૮૩૫૦૩૩૦૦૦/- તથા મહેસુલી ખર્ચ/ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂા.૮૭૭૬૯૩૫૦૦/- બજેટ મંજુર કરવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી સોનલબેન ટી.સોલંકી

સભ્યશ્રી ગિરીશભાઇ દેસાઇ , નિતેશભાઈ વશી , રમેશભાઈ પટેલ , ઉર્વશીબેન પટેલ , સોનલબેન પટેલ, મહેબૂબ ગુલશેરખાન પઠાણ વિગેરેએ ચર્ચામાં ભાગ લઈ જરૂરી સૂચનો રજુ કર્યા.

સભ્યશ્રી ઉર્વશીબેન પટેલ, સોનલબેન પટેલ, નિતેશભાઈ વશી, મહેબૂબ ગુલશેરખાન પઠાણ દ્વારા સદરહુ કામે વાંધો નોંધાવવામાં આવ્યો.

ઠરાવ:-

કા.સ.તા:-૨૧/૦૨/૨૦૨૨ ની ભલામણ મુજબ , વલસાડ નગરપાલિકા-વલસાડનું સને ૨૦૨૨-૨૦૨૩ ના વર્ષનું બજેટ મેહસુલી આવક/ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂ ।.૮૩૫૦૩૩૦૦૦/- તથા મહેસુલી ખર્ચ/ ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂા.૮૭૭૬૯૩૫૦૦/- બજેટમાં એકાઉન્ટન્ટશ્રીના રીપોર્ટમાં જણાવ્યા મુજબ સુધારા – વધારા સહિતનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

બ.મ.મંજુર.....

કામ નં.૨૮ :

વિષય.: કા.સ.તા:-૨૧/૦૨/૨૦૨૨ ની ભલામણ મુજબ, ફીક્સ પગાર ઉપર નિમાયેલ વાલ્મીકી કામદારો, મુકાદમો, તથા એસ.આઈ. વિગેરેઓને કાયમી કરવા બાબત.

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી હિતેશભાઈ આઈ.પટેલ

ઠરાવ:-

કા.સ.તા:-૨૧/૦૨/૨૦૨૨ ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકાના આરોગ્ય શાખામાં ફરજ બજાવતાં ઝાડુવાળા/ વાલ્મિકી સફાઈ કામદારો , મુકાદમો તથા એસ.આઇ વિગેરેઓને તેઓના હુકમમાં જણાવેલ ૧ થી ૧૨ શરતોને આધીન તા:૨૭/૧૨/૨૦૧૬ થી પાંચ વર્ષના ફીક્સ પગારમાં નિમણુંક કરવામાં આવેલ હતી. તેઓની નિમણુંકનો પાંચ વર્ષનો સમયગાળો તા:૨૭/૧૨/૨૦૨૧ ના રોજ પૂર્ણ થાય છે. તેઓની નિમણુંકના ૧ થી ૧૨ શરતો પૈકી શરત નં.૦૮ " વાલ્મીકી કામદાર તરીકે પસંદ થયેલ ઉમેદવારોના નગરપાલિકા હસ્તકના પાંચ વર્ષની સંતોષકારક સેવા પૂર્ણ થયા બાદ તેઓને નિયત પગાર ધોરણ રૂા.૪૪૪૦-૭૪૦૦ (ગ્રેડ પે-૧૩૦૦) માં સમાવવા વિચારણા કરી શકશે" ની જોગવાઈ જોતાં તેઓએ પાંચ વર્ષની સેવા સંતોષકારક રીતે બજાવેલ હોઈ તેઓને શરત નં.૧૧ " આ કરાર આધારિત પાંચ વર્ષ સેવા રજા , પગાર, પેન્શન કેસ , સીન્યોરીટી જેવા કોઈપણ નાણાકીય લાભો માટે નિયમિત નોકરી સાથે જોડી શકશે નહીં. " ના જોગવાઈ જોતાં તેઓને તા:૨૭/૧૨/૨૦૨૧ થી કાયમી ધોરણે નિમણુંક કરવા માટે નગરપાલિકાએ નિર્ણય કરવાનો થાય છે.

ઉપરોક્ત હકીકતોથી વિદિત થતાં ચીફ સેનેટરી ઇન્સપેક્ટર, વ.ન.પા.ની નીચે જણાવેલ અ.નં. ૧ થી ૧૯ યાદી મુજબના , વાલ્મીકી સફાઈ કામદાર , મુકાદમ , એસ.આઈ. વિગેરેનો પાંચ વર્ષની ફરજ/સેવા સંતોષકારક રીતે બજાવેલ હોઈ તેઓને શરત નં.૮ ની જોગવાઈ મુજબ નિયત પગાર ધોરણમાં કાયમી કરવા અંગેની જરૂરી આગામી નિયમોનુસાર કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ.નં. | સફાઈ કામદારનું નામ | હોદ્દો | ઓર્ડર નંબર | નિમણુંક તારીખ |
|---|---|---|---|---|
| ૧ | શ્રી કાલુભાઇ રામપાલભાઇ ચૌહાણ | વાલ્મીકી સફાઈ કામદાર | ૩૯૪ | ૨૭/૧૨/૨૦૧૬ |
| ૨ | શ્રી જ્યોતિષભાઇ રામપાલભાઈ ચૌહાણ | વાલ્મીકી સફાઈ કામદાર | ૩૯૫ | ૨૭/૧૨/૨૦૧૬ |
| ૩ | શ્રી શિવલાલ જુહારભાઈ ધારૂ | વાલ્મીકી સફાઈ કામદાર | ૩૯૬ | ૨૭/૧૨/૨૦૧૬ |
| ૪ | શ્રી દિનેશ જુહારભાઈ ધારૂ | વાલ્મીકી સફાઈ કામદાર | ૩૯૭ | ૨૭/૧૨/૨૦૧૬ |
| ૫ | શ્રી બળદેવ ગુલાબભાઈ વાઘેલા | વાલ્મીકી સફાઈ કામદાર | ૩૯૮ | ૨૭/૧૨/૨૦૧૬ |
| ૬ | શ્રી સતીષ બાબુભાઇ ઘડીયલ | વાલ્મીકી સફાઈ કામદાર | ૩૯૯ | ૨૭/૧૨/૨૦૧૬ |
| ૭ | શ્રી નરેશ કાંતીભાઇ સોલંકી | વાલ્મીકી સફાઈ કામદાર | ૪૦૦ | ૨૭/૧૨/૨૦૧૬ |
| ૮ | શ્રી વિજય રામપ્રસાદ વાઘેલા | વાલ્મીકી સફાઈ કામદાર | ૪૦૧ | ૨૭/૧૨/૨૦૧૬ |
| ૯ | શ્રી તુષારભાઈ પ્રદીપભાઈ ખવાડીયા | વાલ્મીકી સફાઈ કામદાર | ૪૦૪ | ૨૭/૧૨/૨૦૧૬ |
| ૧૦ | શ્રી રાજેશભાઇ બાબુરાવ કંડારે | વાલ્મીકી સફાઈ કામદાર | ૪૦૫ | ૨૭/૧૨/૨૦૧૬ |
| ૧૧ | શ્રી રવિ ધનેશભાઈ સોલંકી | વાલ્મીકી સફાઈ કામદાર | ૪૦૬ | ૨૭/૧૨/૨૦૧૬ |
| ૧૨ | શ્રી વિજય બાબુભાઇ સોલંકી | વાલ્મીકી સફાઈ કામદાર | ૪૦૭ | ૨૭/૧૨/૨૦૧૬ |
| ૧૩ | શ્રી આનંદ શ્યામભાઇ વાલોદરા | વાલ્મીકી સફાઈ કામદાર | ૪૦૮ | ૨૭/૧૨/૨૦૧૬ |
| ૧૪ | શ્રી રોનક રાજેશભાઇ ધરણિયા | વાલ્મીકી સફાઈ કામદાર | ૪૦૯ | ૨૭/૧૨/૨૦૧૬ |
| ૧૫ | શ્રી રાજુભાઇ વેસ્તાભાઈ સાવરિયા | વાલ્મીકી સફાઈ કામદાર | ૪૦૩ | ૨૭/૧૨/૨૦૧૬ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬ | શ્રી દિનેશ ભગુભાઈ પટેલ | મુકાદમ | ૪૧૦ | ૨૭/૧૨/૨૦૧૬ |
| ૧૭ | શ્રી હિતેશભાઈ લલ્લુભાઈ પટેલ | મુકાદમ | ૪૧૧ | ૨૭/૧૨/૨૦૧૬ |
| ૧૮ | શ્રી શંભુભાઈ એમ જુંજ | મુકાદમ | ૪૧૨ | ૨૭/૧૨/૨૦૧૬ |
| ૧૯ | શ્રી ભાવિનભાઈ આઈ.દેસાઇ. | એસ.આઈ | ૪૧૩ | ૨૭/૧૨/૨૦૧૬ |

સ.મ.મંજુર.....

કામ નં.૨૯ :

વિષય.: કા.સ.તા:-૨૧/૦૨/૨૦૨૨ ની ભલામણ મુજબ, વલસાડ શહેરમાં પ્રિમોન્સુન કામગીરી કરાવવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ
ટે.આ :શ્રી હિતેશભાઈ આઈ.પટેલ

સભ્યશ્રી ગિરીશભાઇ દેસાઇ, નિતેશભાઈ વશી, રમેશભાઈ પટેલ, ઉર્વશીબેન પટેલ, સોનલબેન પટેલ, મહેબૂબ ગુલશેરખાન પઠાણ વિગેરેએ ચર્ચામાં ભાગ લઈ જરૂરી સૂચનો રજુ કર્યા.

સરકારશ્રીની સ્વચ્છ ભારત મિશન કાર્યક્રમ તેમજ આગામી ચોમાસાની સિઝનને ધ્યાનમાં લઈ શહેરમાં આવેલ નાની મોટી તમામ ગટરો ગંગલી ખાડી , શાપુર નગર-ધોબીતળાવમાં આવેલ મામા ખાડી, વલસાડ પારડી બરૂડિયા વાડ તેમજ સાગર ડેરી રોડ , રેલ્વે સ્ટેશનથી છીપવાડ , તીથલ રોડની , દોડીયા ટેકરા , શહિદ ચોક વિગેરે વિસ્તારની કામગીરી કરવી જરૂરી છે. જે માટે એજન્સી મારફતે કામગીરી કરવા જાહેરાત આપી તેમજ રોજિંદા કામદારોને રાખી જે.સી.બી. , ટ્રેકટર વિગેરે ભાડાકરારથી બે-ત્રણ માસ માટે પ્રિમોંસૂન કામગીરી થાય તે જરૂરી છે.

ઠરાવ:-

સરકારશ્રીની સ્વચ્છ ભારત મિશન અર્બન કાર્યક્રમ અંતર્ગત સ્વચ્છતા સર્વેક્ષણ – ૨૦૨૨ ને ધ્યાનમાં લઈ તેમજ આગામી ચોમાસાની સિઝનને ધ્યાનમાં લઈ પ્રિમોંસૂન કામગીરી હાથ ધરવામાં આવે જેમાં શહેરમાં આવેલ નાની મોટી તમામ ગટરો જેવી કે , ગંગલી ખાડી , શાપુર નગર-ધોબીતળાવમાં આવેલ મામા ખાડી , વલસાડ પારડી બરૂડિયા વાડ તેમજ સાગર ડેરી રોડ , રેલ્વે સ્ટેશનથી છીપવાડ , તીથલ રોડની , દોડીયા ટેકરા , શહિદ ચોક વિગેરે વિસ્તારની ગટરો/ખાડીઓની સફાઈ કામગીરી કરવી અતિઆવશ્યક જણાય છે. સદર કામગીરીને પહોચી વળવા માટે જાહેરાત આપી એજન્સી નક્કી કરી તેમજ લેબર સપ્લાયરના ભાવો નક્કી કરી અથવા નગરપાલિકા દ્વારા આવશ્યક સંજોગોમાં કામગીરીને પહોચી વળવા રોજિંદા કામદારો તદ્દન હંગામી ધોરણે પ્રિમોંસૂન કામગીરી પૂરતા રાખવા સબંધે તેમજ જરૂરિયાત મુજબ જે.સી.બી. , ટ્રેકટરો વિગેરે ભાડેથી રાખવા અંગે જાહેરાતો આપી એજન્સી નક્કી કરવા નિયમોનુસાર આગામી કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.....

કામ નં.30 :

વિષય.: કા.સ.તા:-૨૧/૦૨/૨૦૨૨ ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકાની માલીકીની જુદી- જુદી આવેલ મિલકતોના ભાડામાં વધારો કરવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી હિતેશભાઈ આઈ. પટેલ

ઠરાવ:-

સદરહુ કામ હાલ મુલત્વી રાખવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.....

કામ નં.૩૧ :

વિષય.: કા.સ.તા:-૨૧/૦૨/૨૦૨૨ ની ભલામણ મુજબ, ના.સરકારશ્રીની SJMMSVY –UDP-88-2021-22 હેઠળ શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ ઠરાવ ક્રમાંક : સજય/૧૦૨૦૧૨/૨૨૭ /(પાર્ટ) / ધ/ ૩૦/ ૦૬/ ૨૦૨૧ની ગ્રાન્ટ પૈકી રકમ રૂા.૨૯,૬૬,૫૦૦/- માંથી નવા કામોનું આયોજન નક્કી કરવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ
ટે.આ : શ્રી સતિષભાઇ બી.પટેલ

ઠરાવ:-

કા.સ.તા:-૨૧/૦૨/૨૦૨૨ ની ભલામણ મુજબ, ના.સરકારશ્રીની SJMMSVY –UDP-88-2021-22 હેઠળ શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ ઠરાવ ક્રમાંક : સજય/૧૦૨૦૧૨/૨૨૭/(પાર્ટ)/ધ/૩૦/૦૬/૨૦૨૧ થી અત્રેની કચેરીને રૂ ।.૫.૦૦ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે. ના. સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવેલ ગ્રાન્ટ અન્વયે નગરપાલિકા દ્વારા સમગ્ર સભા ઠરાવ નં.૭૫/તા:૩૧/૦૭/૨૦૨૧ થી કુલ-૩૫ વિકાસલક્ષી કામો મંજુર કરવામાં આવેલ છે. સદરહુ મંજુર થયેલ કામોની તાંત્રિક મંજુરી માટે કાર્યપાલક ઇજનેરશ્રી , પ્રાદેશિક કમિશ્નર , સુરત ખાતે તાંત્રિક મંજુરી માટે મોકલવામાં આવતા સદરહુ કચેરી દ્વારા તા:૦૯/૧૨/૨૦૨૧ ના રોજ કામોની સ્થળ તપાસ કરતાં કુલ-૩૫ કામો પૈકી ૦૩ કામો રદ કરવામાં આવેલ છે. અને ૩૨ કામોની તાંત્રિક મંજુરી તા:૨૯/૧૨/૨૦૨૧ ના રોજ અત્રેની કચેરીએ મળેલ છે.

ઉપરોક્ત હકીકતોથી વિદિત થતાં સદરહુ રદ કરેલ ૦૩ કામોની કુલ રકમ રૂા.૨૯ ,૬૬,૫૦૦/- છે. જે રકમની મર્યાદામાં નીચે મુજબના નવા કામોનું આયોજન કરી જરૂરી નિયમોનુસારની આગામી કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

| અનુ ક્રમ. | વોર્ડ નં. | કામનું નામ | કામનો પ્રકાર | એસ્ટીમેઈટની રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | મોક્ષ પોલાર થી પીચીંગની બંને સાઈડના વિસ્તારમાં પેવરબ્લોક બેસાડવાનું કામ | પેવરબ્લોક | ૧૮૩૦૯૦૦ |
| ૨ | ૫ | મદનવાડ પાણીની ટાંકીના સામે થી જૂની ગટર સુધી વરસાદી ગટર બનાવવાનું કામ | વરસાદી ગટર | ૯૪૭૮૦૦ |
| ૩ | ૫ | એમ.જી.રોડ, નવયુગ સ્ટોર પાસે ગંગલી ખાડી વિસ્તારમાં વરસાદી ગટર બનાવવાનું કામ | વરસાદી ગટર | ૨૦૮૮૦૦ |
| ૪ | ૫ | કોચર ફળિયા વિસ્તારમાં પેવરબ્લોક બેસાડવાનું કામ | પેવરબ્લોક | ૨૦૩૪૦૦ |
| ૫ | ૫ | વિજયામાતા મંદિર વિસ્તાર થી મુખ્ય રોડ સુધી પેવરબ્લોક બેસાડવાનું કામ | પેવરબ્લોક | ૧૨૪૭૦૦ |
| | | | **કુલ રકમ રૂા.** | **૩૩૧૫૬૦૦** |

સ.મ.મંજુર.....

કામ નં.૩૨ :

વિષય.: કા.સ.તા:-૨૧/૦૨/૨૦૨૨ ની ભલામણ મુજબ,૧૪મું નાણાપંચની યોજના હેઠળ શહીદ ચોક વિસ્તારથી રમેશ બેકરી સુધી વરસાદી ગટર બનાવવાના કામનું ઠેકેદારશ્રી શાંતિલાલ કે.બારીયા,અબ્રામા,વલસાડ દ્વારા ઉપરોક્ત સ્થળે વરસાદી ગટર બનાવવાની કામગીરી પુર્ણ કરી તે અંગેનું પ્રથમ અને છેલ્લું બીલની રકમ રૂા. ૧૪૨૨૫૯૭/- પુરાનું મંજુર કરવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી ભારતીબેન એમ.પટેલ

ઠરાવ:-

કા.સ.તા:-૨૧/૦૨/૨૦૨૨ ની ભલામણ મુજબ , વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ શહિદ ચોક ગ્રાઉન્ડ આજુ બાજુના વિસ્તારનું વરસાદી સીઝનમાં વરસાદી પાણીનો ભરાવો શહિદ ચોક ચાર રસ્તા થઈ માજી વિધાનસભા અધ્યક્ષ માન.બરજોરજી પારડીવાલા ઘર થઈ રમેશ બેકરી સુધીના વિસ્તારમાં રસ્તા ઉપર વરસાદી પાણીનો ભરાવો થતો હોય , સદરહુ વિસ્તારના રહીશોને ચોમાસાની સીઝન દરમ્યાન સદરહુ રસ્તા ઉપર અવર-જવર કરવામાં ખુબજ મુશ્કેલીઓ પડતી હોય , અને સદરહુ વિસ્તારમાં શાકભાજીનું વેચાણ તેમજ મટન તેમજ મચ્છી માર્કેટ આવેલ હોય , વલસાડ નગરના શહેરીજનો રોજબરોજ સદરહુ માર્કેટમાં ખરીદી કરવા માટે અવર-જવર કરતાં હોય છે. જેથી સદરહુ વિસ્તારના રહીશો તેમજ વલસાડ નગરપાલિકાના સભ્યશ્રીઓની ચોમાસાની સીઝન દરમ્યાન સદરહુ વિસ્તારમાં વરસાદી પાણી ભરાવા અંગેની ફરિયાદો અત્રેની કચેરીએ અવાર-નવાર આવતી રહે છે. અને નગરપાલિકાના ઇજનેરશ્રી દ્વારા સદરહુ સ્થળે સ્થળ તપાસ કરતાં સદરહુ વિસ્તારની આવેલ વરસાદી પાણી ભરાવા અંગેની ફરિયાદ વ્યાજબી જણાતી હોય , સદરહુ વિસ્તારમાં વરસાદી ગટર બનાવવાની જરૂરિયાત જણાય છે. જેથી સદરહુ ફરિયાદનો કાયમી નિકાલ કરવા માટે શહીદચોક , ચાર રસ્તા સાગર એપાર્ટમેન્ટની પાસેથી માજી વિધાનસભા અધ્યક્ષ માન.બરજોરજી પારડીવાળા તેમજ માન.ગુજરાત હાઇકોર્ટ જજના ઘર થઈ રમેશ બેકરી સુધીના વિસ્તારમાં વરસાદી ગટર (બોક્ષ ડ્રેઇન) બનાવવામાં આવે તો સદરહુ વિસ્તારના રહીશોની પાણી ભરાવા અંગેની ફરિયાદનો નિકાલ આવી શકે તેમ છે.

સદરહુ વિસ્તારમાં વરસાદી ગટર બનાવવાના કામે સને : ૨૦૧૫-૧૬ ના કકચ મુજબ એસ્ટીમેઈટની રકમ રૂ।.૧૬,૫૩,૫૦૦/- પુરા સમગ્ર સભા ઠરાવ નં.૬૭ / તા:૩૧/૦૭/૨૦૨૧ થી મંજુર કરવામાં આવેલ છે. સદરહુ મંજુર કરવામાં આવેલ એસ્ટીમેઈટને નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી , માર્ગ અને મકાન (પેટા વિભાગ), વલસાડ પાસેથી તા:૦૧/૧૨/૨૦૨૧ થી જરૂરી તાંત્રિક મંજુરી મેળવેલ છે. અને સદરહુ કામગીરી વરસાદી સીઝનને ધ્યાને લઈ તાકીદે કામગીરી કરાવવાની જરૂરિયાત હોવાથી કા.સ.ઠ.નં૨૭૭/તા:૧૨/૧૧/૨૦૨૦ થી (ટેન્ડર આઈ.ડી.નં.-૪૩૦૫૯૮) થી ઠેકેદારશ્રી શાંતિલાલ કે.બારીયા, વલસાડનું વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં વરસાદી ગટર બનાવવાનું કામનું ટેન્ડર મંજુર કરવામાં આવેલ છે. સદરહુ એજન્સી પાસેથી કા.સ.ઠ.નં.૨૭૭/તા:૧૨/૧૧/૨૦૨૦ મંજુર થયેલ ભાવોથી ઉપરોક્ત કામગીરી કરવા અંગે જરૂરી લેખિત સંમતિ આપેલ છે. જે અન્વયે વલસાડ નગરપાલિકા દ્વારા ઉપરોક્ત હકીકતોને ધ્યાને લેતા અને ઉપરોક્ત કામગીરી તાકીદે કરવાની જરૂરિયાત હોવાથી ઠેકેદારશ્રી શાંતિલાલ કે.બારિયા, અબ્રામા,વલસાડને અત્રેની કચેરીએથી પત્ર જાવક નં.-૧૩૧૭/ તા:૨૧/૦૬/૨૦૨૧ થી જરૂરી વર્કઓર્ડર આપી સ્થળ ઉપર કામગીરી કરાવવામાં આવેલ છે. ઠેકેદારશ્રી

દ્વારા ઉપરોક્ત સ્થળે વરસાદી ગટર બનાવવાની કામગીરી પૂર્ણ કરી તે અંગેનું પ્રથમ અને છેલ્લું બીલની રકમ રૂા.૧૪,૨૨,૫૯૭/- પુરાનું બીલ અત્રેની કચેરીએ રજુ કરેલ છે. સદરહુ કરેલ કામગીરીને બહાલ રાખી આવેલ બીલનું ચુકવણું કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.....

કામ નં.33 :

વિષય.: વલસાડ નગરપાલિકાના આવાસ અંગેના કામોની ચર્ચા કરી જરૂરી નિર્ણય થવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી હિતેશભાઈ આઈ.પટેલ

ઠરાવ:-

કા.સ.તા:-૨૧/૦૨/૨૦૨૨ ની ભલામણ મુજબ , નામદાર સરકારશ્રીની પ્રધાનમંત્રી આવાસ યોજના (PMAY) હેઠળ વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવાસ બાંધકામ બાબતે લાભાર્થીઓ દ્વારા આવાસ બાંધકામ અંગેનું ફોર્મ સદરહુ યોજનાના કન્સલટન્ટ દ્વારા ચકાસણી કરી DPR- 1 & 2 માં મંજુર કરી જરૂરી કરારખત કરી આવાસ મંજુર કરવામાં આવેલ છે. અને સદરહુ આવાસ બાંધકામ અર્થે લાભાર્થીને આવાસ બાંધકામ અંગેના એડવાન્સ હપ્તા પેટે રૂા.૩૦,૦૦૦/- પુરા લાભાર્થીના બેન્ક ખાતામાં જમા કરવામાં આવેલ છે. લાભાર્થીના મંજુર થયેલ આવાસ બાબતે કરેલ લાભાર્થીઓ દ્વારા કરવામાં આવેલ કરારખતની શરતોમાં જણાવ્યા મુજબ પ્રથમ હપ્તાની રકમ જમા થયેથી દિન-૪૫ માં આવાસ બાંધકામની કામગીરી શરૂ કરવાનું જણાવેલ છે. જે અંતર્ગત લાભાર્થીઓ દ્વારા આજ દિન સુધી નિયમોનુસાર ૩૦.૦૦ ચો.મી.ની બાંધકામની કામગીરી શરૂ કરેલ નથી. જે અંતર્ગત નિયમોનુસાર ૩૦.૦૦ ચો.મી.ની બાંધકામની કામગીરી શરૂ કરવા તેમજ બાંધકામ કરવા ઇચ્છતા ન હોવો તો સરકારશ્રીમાં નાણાં જમા કરવા માટે ૦૩ નોટીસો આપવામાં આવેલ હતી. પરંતુ આજદિન સુધી લાભાર્થીઓ દ્વારા નોટીસ અન્વયે નાણાં પરત કરવાની કામગીરી કરવામાં આવેલ નથી.

વધુમાં નામદાર સરકારશ્રીની સુચના મુજબ સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવેલ એડવાન્સ હપ્તા પેટેની રકમ રૂા.૩૦,૦૦૦/- પુરા એફોર્ડેબલ હાઉસીંગ મિશન, ગાંધીનગરના બેન્ક ખાતામાં ડિમાન્ડ ડ્રાફ્ટથી જમા કરાવવાના થાય છે. જે આજ દિન સુધી લાભાર્થીઓ દ્વારા સરકારશ્રીને પરત કરવામાં આવેલ નથી. જે અન્વયે તા:૨૫/૧૦/૨૦૨૧ ના રોજ મે.પ્રાદેશિક કમિશ્નરશ્રી, નગરપાલિકાઓ (સાઉથ ઝોન) સુરતના અધ્યક્ષ સ્થાને મળેલ મીટીંગમાં મે.પ્રાદેશિક કમિશ્નરશ્રીની મૌખિક સુચના મુજબ લાભાર્થીએ નગરપાલિકામાં ખોટા પુરાવા રજુ કરી સરકારશ્રીના એડવાન્સ હપ્તા પેટે રૂા. ૩૦,૦૦૦/- ચુકવેલ નાણાની ઉચાપત કરેલ હોય, તે લાભાર્થી પાસેથી નાણાં પરત લેવા માટે લાભાર્થી મિલકતના પુરાવા અંગે રજુ કરેલ જમીન અંગેના દસ્તાવેજ સામેલ છે. જેના પર એડવાન્સ હપ્તા પેટે રૂા. ૩૦,૦૦૦/- ચુકવેલ નાણાનો બોજો નાંખવા જણાવેલ છે. જે અન્વયે વલસાડ નગરપાલિકા દ્વારા અનુસંધાન (૨) અને (૩) થી અનુક્રમે સીટી સર્વે સુપ્રિટેન્ડન્ટશ્રી, વલસાડની કચેરી તેમજ મે. કલેક્ટરશ્રી, વલસાડને જરૂરી પત્રવ્યવહાર કરી બોજો નાંખવા કાર્યવાહી કરવા જણાવેલ હતુ. જે અન્વયે અનુસંધાન (૪) મુજબ સીટી સર્વે સુપ્રિટેન્ડન્ટશ્રી, વલસાડ મુજબ બાકી લેણાં નીકળતાં નાણાં અંગેનો સીટી સર્વે નંબર, અરજદારોનું નામ વિગેરે વિગત સાથે વિગતવાર હુકમ થવા જણાવેલ છે. જે અનુસાર અધિક કલેક્ટરશ્રી, પ્રાદેશિક કમિશ્નરશ્રી , નગરપાલિકાઓ (સાઉથ ઝોન) , સુરત દ્વારા અનુસંધાન (૬) થી પાકા મકાન ધરાવતા લાભાર્થીઓના પાકા મકાન પર બોજો નાંખવા જરૂરી ચકાસણી કરી નિયમોનુસાર કાર્યવાહી કરવા જણાવેલ છે. જે અન્વયે ઉપર જણાવ્યા અનુસાર નગરપાલિકાના વેરા શાખાને જરૂરી રૂા. ૩૦,૦૦૦/- નો બોજો (લાભાર્થીની યાદી આ સાથે સામેલ છે.) નાંખવા અંગેની નિયમોનુસાર આગામી કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

તેમજ આનંદીબેન (IHSDP) યોજના અન્વયે આવાસ બ્લોક નંબર- A-308 જે શ્રી પાલકર અબ્દુલ રજાક અલવી , વલસાડ APL લાભાર્થીને ફાળવેલ હતો. જે પેટે તેઓશ્રીએ તબક્કાવાર નીચે મુજબ નગરપાલિકામાં કુલ રકમ રૂપિયા ૯૦૦૦૦/- જમા કરાવેલ છે.

| અ.નં. | રસીદ નં. | તારીખ | રકમ રૂપિયા |
|---|---|---|---|
| ૧ | ૪૧૫૪ | ૦૫/૧૦/૨૦૧૫ | ૧0000.00 |
| ૨ | ૧૦૧૯૯ | ૦૬/૦૪/૨૦૧૬ | ૪૫000.00 |
| 3 | ૮૨૭૭૮ | ૨૦/૦૧/૨૦૧૮ | ૩૫000.00 |
| | | કુલ..... | ૯0000.00 |

ઉપરોક્ત ફાળવેલ મકાન પરત કરવા તા:૦૯/૦૮/૨૦૨૧ થી સંમતિ આપેલ છે. જેની નકલ સામેલ છે.ચર્ચા વિચારણના અંતે સદરહુ પરત કરેલ મકાન E બ્લોક પેટે જમા કરેલ રકમના લાભાર્થીશ્રી મનીષાબેન મહેશભાઇ મૈસુરીયાની અરજી ગ્રાહ્ય રાખી લાભાર્થીએ જમા કરેલ રકમ તેમજ ખૂટતી રકમ જમા લઈ અત્રે પરત કરેલ બ્લોક નંબર- A-308નો કબજો અંગે એકાઉન્ટન્ટશ્રી તેમજ ઇન્ટરનલ ઓડિટરશ્રી દ્વારા નગરપાલિકામાં જમા કરેલ રકમના આધાર પુરાવા , સ્થળ ચકાસણી , સાધનિક/દસ્તાવેજી પુરાવાઓની ચકાસણી કરી નિયમોનુસારની કાર્યવાહી કરીને ફાળવવાનું તેમજ મૂળ ફાળવણીના લાભાર્થી શ્રી પાલકર અબ્દુલ રજાક અલવી , વલસાડએ વલસાડ નગરપાલિકામાં જમા કરાવેલ રકમ પરત કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર....

કામ નં.૩૪ :

વિષય.: કા.સ.તા:-૨૧/૦૨/૨૦૨૨ ની ભલામણ મુજબ, વારિગૃહ શાખામાં કાયમી સ્ટોર કીપર કમ કેમિસ્ટ તરીકે ફરજ બજાવતા શ્રી અશોક એસ.પટેલ,તા: ૩૦/૦૯/૨૦૨૨ ના રોજ વયમર્યાદાને કારણે નિવૃત્ત થનાર છે. જે ખાલી પડનાર સ્ટોરકીપર કમ કેમિસ્ટની જગ્યાએ નવી નિમણુંકનું આગોતરું આયોજન કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી ઉર્મિબેન એ.દેસાઇ

ઠરાવ:-

કા.સ.તા:-૨૧/૦૨/૨૦૨૨ ની ભલામણ મુજબ , વલસાડ નગરપાલિકા હસ્તકના વારિગૃહ શાખામાં શ્રી અશોક એસ.પટેલની જ.બો.ઠ.નં.૩૮/તા:૩૦/૦૪/૧૯૯૨ થી મહેકમ મુજબની કાયમી સ્ટોર કીપર કમ કેમિસ્ટ તરીકે નિમણુંક કરવામાં આવેલ . તેઓ વય મર્યાદાને કારણે તા:૩૦/૦૯/૨૦૨૨ ના રોજથી નિવૃત્ત થનાર છે.

હેડ વર્કસ ખાતે આવેલ ટ્રીટમેન્ટ પ્લાન્ટથી પાણીને શુધ્ધ પીવાલાયક કરી શહેરી વિસ્તારોમાં પૂરું પાડવામાં આવે છે. સદર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં ત્રણ શીફટમાં કામગીરી ચાલતી હોય , જે માટે કેમિસ્ટની જરૂરિયાત ઉપસ્થિત થયેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | વિગત | સંખ્યા | લાયકાત | માસિક પગાર |
|---|---|---|---|---|
| ૧ | કેમીસ્ટ | ૦૧ | બી.એસ.સી. (કેમેસ્ટ્રી) | ૧૫,૦૦૦/- |

ઉપરોક્ત બાબતો ધ્યાને લઈ સદર જગ્યા ૧૧ માસના કરાર આધારિત હંગામી ધોરણે નિમણુંક કરવા અંગે દૈનિક પેપરોમાં જાહેરાત આપી નિયમોનુસારની આગામી કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર...

કામ નં.૩૫ :

વિષય.: કા.સ.તા:-૨૧/૦૨/૨૦૨૨ ની ભલામણ મુજબ, DIS યોજના હેઠળ અંદર ગ્રાઉન્ડ કેબલ નાંખવા વિદ્યુત બોર્ડને ભલામણ કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી ગિરીશભાઇ બી.દેસાઇ

ઠરાવ:-

કા.સ.તા:-૨૧/૦૨/૨૦૨૨ ની ભલામણ મુજબ ,વલસાડ નગરપાલિકા હદમાં મોગરાવાડી વિસ્તારમાં આવેલ વીજ કંપનીના નીચે મુજબના વિસ્તારમાં 11 K.V. ની હાઈટેન્શ લાઈનો સ્લમ વિસ્તાર, ઝુંપડા, બાંધકામ મકાનો , વિગેરે વિસ્તારમાંથી પસાર થાય છે. જે ભયજનક અને અકસ્માત સર્જાય તેમ હોય સદર વીજ લાઈનો સરકારશ્રીની D.I.S યોજના હેઠળ અંદર ગ્રાઉન્ડ કેબલ નાખવા તથા સ્ટ્રીટ લાઇટના પોલ નાંખવા વીજ કંપનીને રજુઆત કરવા અંગેની નિયમોનુસારની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ.નં. | વિસ્તારનું નામ |
|---|---|
| ૧ | મોગરાવાડી સાઈપાર્કથી હિન્દીશાળા, ગુજરાતી શાળાનો વિસ્તાર |
| ૨ | મોટા તળાવ, સુકી તળાવ, મણીનગર અને સહયોગનગર વિસ્તાર |
| ૩ | અક્ષરધામ રેસીડેન્સીથી, છતરીયું આદિવાસી વિસ્તાર, કોટેશ્વર નગર, પાણીની ટાંકી સુધીનો વિસ્તાર. |
| ૪ | મોટા તળાવ પાળ ઉપર-૨૦ સ્ટ્રીટલાઇટ પોલ નાંખવા. |

સ.મ.મંજુર.....

કામ નં.૩૬ :

વિષય.: ના.સરકારશ્રીની " આઝાદી કા અમૃત મહોત્સવ " પ્રોત્સાહક વળતર યોજના અન્વયે નગરજનોને કરવેરમાં રાહત આપવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ
ટે.આ : શ્રી પ્રવિણાબેન એસ.પટેલ

ઠરાવ:-

મે.કમિશ્નરશ્રી મ્યુનિસિપાલીટી એડમીનીસ્ટ્રેશનની કચેરી, ગાંધીનગરના પરિપત્ર નં.કમિ. મ્યુનિ./ન.પાવ.ટ/પ્રોવયો/૨૦૨૨/તા:૧૯/૦૨/૨૦૨૨ ના પરિપત્ર થી ગુજરાત રાજ્યની નગરપાલિકાઓમાં કરવેરા વસુલાત હેઠળ "આઝાદી કા અમૃત મહોત્સવ પ્રોત્સાહક વળતર યોજના" ને તેની પરિપત્રની તમામ શરતો અને નિયમો સાથે મંજુર કરવા સબંધે જ.બો.ઠ.૧૩૪/તા:૨૪/૦૨/૨૦૨૨થી ઠરાવવામાં આવેલ. જે બહાલ રાખી જેના અંતર્ગત (એ) જુના માંગણા માટે આ યોજના કરદાતા તેમની મિલકત પેટે અગાઉના વર્ષોમાં તમામ પ્રકારના વેરાની બાકી રકમ તા:૩૧/૦૩/૨૦૨૨ સુધીમાં ભરપાઈ કરે તો નોટીશ ફી/ વ્યાજ/ પેનલ્ટી વોરંટ ફી પેટેની ૧૦૦% રકમ માફ કરવાની રહેશે. તેમજ (બી) નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ ના માંગણા માટે આ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ ની વેરાની રકમ તા:૩૧/૦૫/૨૦૨૨ સુધીમાં એડવાન્સ ભરપાઈ કરવા માટે ૧૦% (દસ ટકા) વળતર મળવા પાત્ર રહેશે તેમજ ઇ-નગરની મોબાઈલ એપ કે ઇ-નગરના ઓનલાઈન સીટીજન પોર્ટલ મારફત સદરહુ વેરાની રકમ તા:૩૧/૦૫/૨૦૨૨ સુધીમાં ભરપાઈ કરવા પર વધુ ૫% (પાંચ ટકા) વળતર મળવાપાત્ર રહેશે.

વધુમાં આ પરિપત્ર અંગેની અમલવારીના સમયગાળા દરમ્યાન સરકારશ્રી તરફથી આ યોજનામાં કોઈ સુધારો કરવામાં આવે તો તેને પણ મંજુર કરવા અંગે ભલામણ સહ સરકારશ્રીમાં રજુ કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.....

કામ નં.૩૭ :

વિષય.: કા.સ.તા:-૨૧/૦૨/૨૦૨૨ ની ભલામણ મુજબ,(ગ્રાન્ટ હેતુ ફેર) મારફત રોડ સ્વીપર મશીનના બદલામાં આરોગ્ય શાખા માટે ટ્રેકટરો ખરીદ કરવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી હિતેશભાઈ આઈ.પટેલ

ઠરાવ:-

કા.સ.તા:-૨૧/૦૨/૨૦૨૨ ની ભલામણ મુજબ,ના.સરકારશ્રીના શ.વિ. અને શ. ગૃ.નિ. વિભાગના ઠરાવ ક્રમાંક : નપમ/૧૩૨૦૦૭/૫૬૮૦/તા:૨૦/૦૯/૨૦૦૭ ના ઠરાવ ક્રમાંકની શરત નંબર-૧ મુજબ " જે વાહનને રદ બાતલ કરવા માટે સરકારી ધારા ધોરણો અનુસાર નિયત ઉપયોગના બે લાખ કિ.મી અને નિયત આયુષ્યના ૧૦ વર્ષ પુરા કરેલ હોય તેવા વાહનોને જે તે નગરપાલિકાના મુખ્યઅધિકારી રદ બાતલ કરી શકશે."

નગરપાલિકાના આરોગ્ય શાખા હસ્તકના ઘન કચરા નિકાલની કામગીરી માટે વપરાતા ટ્રેકટરો - ૨૫ પૈકી , ૭ ટ્રેકટરોની ઉપરોક્ત પેરા નંબર-૦૧ માં દર્શાવેલ જોગવાઈ મુજબ નિયત ઉપયોગની સમય મર્યાદા પૂર્ણ થયેલ છે. જેથી આ ટ્રેકટરો નિયમ મુજબ કાર્યવાહી કરી નિકાલ કરી તેની જગ્યાએ નવા ટ્રેકટરો ખરીદવાના થાય છે. જેથી ઘન કચરા નિકાલની કામગીરીમાં કોઈ મુશ્કેલી ન આવે તેમજ સરકારશ્રી દ્વારા નવી સ્ક્રેપ નિતી બનાવેલ છે. તેનો અમલ થઈ શકે.

ના.સરકારશ્રી દ્વારા સને-૨૦૧૪ થી ચલાવાતા સ્વચ્છ ભારત મિશન અર્બન કાર્યક્રમની સ્ટેટ લેવલ એડવાઈઝરી કમીટીની બેઠક તા:૦૬/૦૩/૨૦૨૦ ના રોજ મા.સચિવશ્રી , હાઉસીંગ અને નિર્મળ ગુજરાતની અધ્યક્ષતામાં મળેલ હતી. આ બેઠકમાં નગરપાલિકાના કુલ પાંચ કામો રૂ ।.૪,૧૯,૫૨૦૦૦/- ના મંજુર થયેલ હતા , આ પાંચ કામો પૈકીનું એક કામ સેલ્ફ પ્રોપલ્ડ સ્વીપર મશીન (નંગ-૧) માટે રૂા.૩૧,૦૦,૦૦૦/- ની ગ્રાન્ટ મંજુર કરવામાં આવેલ છે. નગરપાલિકા પાસે ઓલરેડી એક મોટું રોડ સ્વીપર મશીન છે. જેથી બીજું મશીન ખરીદવાની જરૂરિયાત નથી. તેના બદલામાં જુના થયેલ ટ્રેકટરોનો નિકાલ કરી તેની જગ્યાએ નવા ટ્રેકટરો સારી કંપનીના ૩૫ એચ.પી.ના નંગ-૬ (છ) સરકારશ્રીની ગાઈડ લાઇન મુજબની કાર્યવાહી કરી ખરીદવા માટે આ ગ્રાન્ટ વાપરવા માટેનું મંજુરી માંગતી દરખાસ્ત કરવા અંગેની નિયમોનુસાર આગામી કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.....

કામ નં.૩૮ :

વિષય.:કા.સ.તા:-૨૧/૦૨/૨૦૨૨ ની ભલામણ મુજબ, શાકભાજી માર્કેટ સામે આવેલ વખારીયા હૉલ પાછળ નગરપાલિકાના પબ્લિક શૌચાલય બનાવવા બાબતે.

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી હિતેશભાઈ આઈ.પટેલ

સભ્યશ્રી મહેન્દ્રભાઇ વાડીવાલા ગયા.

ઠરાવ:-

કા.સ.તા:-૨૧/૦૨/૨૦૨૨ ની ભલામણ મુજબ , વલસાડ નગરપાલિકાના વોર્ડ નંબર:૦૫ ના શાકભાજી માર્કેટ સામે આવેલ વખારીયા હોલની પાછળ નગરપાલિકાના પબ્લીક શૌચાલયોનો ઉપયોગ આ વિસ્તારના વેપારીઓ તથા નાની ખત્રીવાડ વિસ્તારના વેપારીઓ/ નાગરિકો કરતાં આવેલ હતા. આ શૌચાલયો વર્ષો જુના હોવાથી જર્જરિત હાલતમાં થઈ ગયેલ હતા તેમજ ડ્રેનેજ લાઇનનો પ્રશ્ન પણ ઉદ્દભવેલ હતો. જેને કારણે ગંદકી રહેતી હતી. જાહેર આરોગ્યના હીતમાં આ શૌચાલયો તોડવાની જરૂરિયાત ઉપસ્થિત થતાં તે તોડીને દુર કરવામાં આવેલ હતા.

આ શૌચાલયો તોડીને દુર કરવામાં આવતા આજુબાજુમાં દુકાનો ચલાવતા વેપારીઓ તથા નાની ખત્રીવાડ વિસ્તારના વેપારીઓ તરફથી શૌચાલયોની સુવિધા કરી આપવાની રજુઆત આવતા આરોગ્ય શાખા તરફથી એજન્સીશ્રી અજય કન્સ્ટ્રક્શન , પારનેરા પારડી , વલસાડ પે એન્ડ યુઝ શૌચાલયો બનાવવાની કામગીરી ચાલુ કરાવવામાં આવેલ હતી. અને સદર એજન્સીએ પોતાના ખર્ચે પ્લીન્થ , બીમ, કોલમ, સાઈડની દિવાલ તથા અંદરના ભાગે પણ પી.સી.સી.ની કામગીરી પૂર્ણ કરી દીધેલ છે. આ જગ્યાએ સ્વચ્છ ભારત મિશન અર્બનની ગાઈડલાઇન મુજબ ૧૦ (દસ) સીટના બ્લોકવાળું પે એન્ડ યુઝ શૌચાલય બનાવવાનું હોય પે એન્ડ યુઝ શૌચાલય બનાવવાની સ્કીમ હેઠળ ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ , ગાંધીનગર પાસે રૂ ।.૧૩૩૫૧૩૪/- ગ્રાન્ટ મેળવવા દરખાસ્ત કરવા માટેની જરૂરી નિયમોનુસાર આગામી કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.....

કામ નં.૩૯ :

વિષય.: વારિગૃહ હેડવર્ક્સ ખાતે આવેલ ડેમ માંથી પાણી ઉપાડવા અંગેનો નાઇટ્રેક્ષ કેમિકલ ઈન્ડિયા લીમીટેડના કરારની મુદ્દતમાં વધારો કરવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી ઉર્મિબેન એ.દેસાઇ

નાઇટ્રેક્ષ કેમિકલનાં પાણી ઉપાડવા અંગેનો કરારની મુદ્દત વધારા માટે વિપક્ષ નેતાશ્રી ગિરીશભાઇ દેસાઇએ વિસ્તૃત ચર્ચા કરી હતી. ત્યાં સભ્યશ્રી મહેબૂબ ગુલશેરખાન પઠાણ , નિતેશભાઈ વશી વિગેરેએ સદર કામ માટે મતદાનની માંગણી કરી હતી. તે લઈ પ્રમુખશ્રીએ નાઇટ્રેક્ષ કેમિકલને મુદ્દત વધારવા અંગેની દરખાસ્ત અંગે મતદાનનું સૂચન કરતાં સભામાં હાજર ૨૫ સભ્યો પૈકી ૨૦ સભ્યોએ તરફે તથા ૫ સભ્યોએ વિરોધમાં મતદાન કરતાં દરખાસ્ત મંજુર કરવામાં આવી.

(સભ્યશ્રી મહેબૂબ ગુલશેરખાન પઠાણ , નિતેશભાઈ વશી , ઉર્વશી પટેલ , સોનલબેન પટેલ ,વિકાસ પટેલે વિરોધ નોંધાવ્યો.)

ઠરાવ:-

વલસાડ નગરપાલિકાના માલિકીના ઔરંગા નદી ઉપર બાંધવામાં આવેલ ડેમ (બંધ) માં નાઇટ્રેક્ષ કંપનીની જરૂરિયાત મુજબ પાણીનો સંગ્રહ કરી નાઇટ્રેક્ષ કંપની દ્વારા પાણી ઉપાડવાની પરવાનગી માટે નાઇટ્રેક્ષ કંપની સાથે વલસાડ નગરપાલિકા દ્વારા તા:૧૩/૦૧/૨૦૧૫ થી નિયત કરેલ શરતોને આધિન જરૂરી કરારખત કરવામાં આવેલ હતો. જેની મુદ્દત તા:૩૧/૧૨/૨૦૨૧ ના રોજ પૂર્ણ થાય છે. અને નાઇટ્રેક્ષ કંપનીની આવેલ અરજીમાં જણાવ્યા મુજબ તા:૩૦/૦૬/૨૦૨૨ સુધી ૦૬ (છ) માસની મુદ્દતમાં વધારો કરવાની માંગણી કરેલ છે. પ્રમુખશ્રી વલસાડ નગરપાલિકા તા:૨૩/૧૨/૨૦૨૧ ના હુકમ અન્વયે ૦૬ (છ) માસની મુદ્દત માટે શરતોને આધિન મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

શરતો :

૧. કંપનીને આપવામાં આવેલ મુદ્દત વધારા અંગેના નાણાં રૂ।.૨૦ લાખ દિન-૧૦ માં નગરપાલિકા કચેરીમાં જમા કરાવવાના રહેશે.

૨. કંપની દ્વારા જે તે સમયે પાણીનો સંગ્રહ કરવા માટે ડેમની હાઇટ વધારવા રેતી ભરેલી બેગ મૂકવાની કામગીરી કંપની દ્વારા કરવાની રહેશે.

૩. નહેર ખાતા તરફથી આપવામાં આવતું પાણીનું રોટેશન મુદ્દત વધારા દરમ્યાનનું વખતોવખત કંપની દ્વારા લાવવાનું રહેશે.

૪. ઉનાળાની સિઝન દરમ્યાન ડેમમાં પાણી ઓછું થાય તેવા સંજોગોમાં નદીમાંથી કાદવ-કીચડ દૂર કરી ડ્રેજિંગની કામગીરી કંપનીના સ્વખર્ચે કરવાની રહેશે.

૫. નહેર ખાતા તરફથી પાણીના રોટેશન નહી આવે તેવા સંજોગોમાં વલસાડની વસ્તી અને હાલની પરિસ્થિતીને ધ્યાને લઈ ડેમનું લેવલ ઓવર ફ્લો બંધ થાય ત્યારે એક મોટર બંધ કરી અને ડેમનું લેવલ ૯ ફૂટ આવે ત્યારે નહેર ખાતા તરફથી પાણીનું રોટેશન આવે નહી ત્યાં સુધી કંપનીએ નદીમાથી પાણી ઉપડવાનું રહેશે નહી.

૬. કંપની સાથે તા:૧૩/૦૧/૨૦૧૫ થી જરૂરી કરારખત કરવામાં આવેલ છે. જેમાં જણાવેલ તમામ શરતોનું પાલન કરવાનું રહેશે.

સ.મ.મંજુર.....

કામ નં.૪૦ :

વિષય.: કા.સ.ઠ.નં-૧૯૦તા:-૧૮/૧૦/૨૦૨૧ ની ભલામણ મુજબ,વારિગૃહ હેડ વર્કસ તેમજ શહેર ખાતે તમામ પ્લાન્ટમાં ૭૫ એચ.પી. તેમજ ૧૦૦ એચ.પી. સબમર્સીબલ મોટર પંપ નવા બેસાડવામાં આવેલ છે. પરંતુ આકસ્મિક ઇલેક્ટ્રીક ફોલ્ટ થાય તેવા સંજોગે મોટર બળી જવાથી પાણીનો સપ્લાય બંધ નહી રહે તે માટે સ્ટેન બાય ૭૫ એચ.પી. ૧ અને ૧૦૦ એચ.પી. ૧ નવી મોટર ખરીદ કરવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ
ટે.આ : શ્રી ઉર્મિબેન એ.દેસાઇ

ઠરાવ:-

કા.સ.ઠ.નં-૧૯૦તા:-૧૮/૧૦/૨૦૨૧ ની ભલામણ મુજબ , વારિગૃહ હેડ વર્કસ ખાતે આવેલ જુનો , લામેલા , ૬૫ એમ.એલ.ડી. વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટના તમામ રો-વોટર પંપમાં તેમજ પ્યોર વોટર પંપનું કલ્યાણ બાગ અંદર ગ્રાઉન્ડ સંપ , વાલ્યા અંદર ગ્રાઉન્ડ સંપ , અબ્રામા વાલ્યા ફળિયા ગ્રાઉન્ડ સંપના પંપમાં રૂમમાં ૭૫ એચ.પી. સબમર્સીબલ તેમજ ૧૦૦ એચ.પી. સબમર્સીબલ મોટર પંપ રાજશ્રી એન્જિનીયર , અમદાવાદ તરફથી ગોઠવવામાં આવેલ છે. જે હાલે કાર્યરત છે.

વધુમાં જણાવવાનું કે , ઉપરોક્ત જણાવેલ વારિગૃહ શાખાના પંપ રૂમોમાં (૧ + ૧) ૭૫ એચ.પી. સબમર્સીબલ મોટર પંપ ગોઠવવામાં આવેલ છે. જેમાં વખતો વખત આકસ્મિક ઇલેક્ટ્રીક ફોલ્ટ થતાં હોય છે. તેમજ ઘણી વખત મોટર બળી જતી હોય છે. આવા સંજોગોમાં પાણી પહોંચાડવા માટે એક જ મોટર સતત ચાલતી હોય છે. કોઈ સંજોગોમાં એમાં ઇલેક્ટ્રીક ફોલ્ટ/ બળી જાય તો શહેરીજનોને પાણી પહોંચાડવાનું બંધ થઈ જાય અને ખુબજ તકલીફ પડતી હોય છે. જેથી આવા સંજોગોમાં તકલીફ ન થાય એ માટે આવા સંજોગોમાં શહેરીજનોને પાણી પહોંચાડવામાં અગવડતા ન થાય એ માટે ઉપરોક્ત જણાવેલ પંપરૂમો માટે ૧૦૦ એચ.પી. સબમર્સીબલ મોટર પંપ અને ૭૫ એચ.પી. સબમર્સીબલ મોટર પંપ (રાજશ્રી એન્જિનીયર , અમદાવાદ) ની બનાવતાને સ્ટેન્ડબાય રાખવા માટે સબમર્સીબલ મોટર પંપ ખરીદ કરવા માટેની નિયમોનુસાર આગામી કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.....

કામ નં.૪૧ :

વિષય.: નામદાર સરકારશ્રીની વ્યવસાય વેરા (૨૦૨૦-૨૧) ની બચત ગ્રાન્ટ રૂ। .૩,૩૫,૧૦૦ ના કામનું આયોજન કરવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી નિમિષાબેન જી.ટંડેલ

ઠરાવ:-

નામદાર સરકારશ્રીની વ્યવસાય વેરા(૨૦૨૦-૨૧) ની બચત ગ્રાન્ટ રૂ । .૩,૩૫,૧૦૦ ના કામનું મંજુર થયેલ ગાઈડ લાઇન મુજબના અગ્રતાક્રમમાં આવતાં અટક પારડી , ધરમપુર રોડ થી આહિરવાડ વિસ્તારમાં પેવરબ્લોક બેસાડવાનું કામ રૂ ।.૪,૧૧,૨૦૦/- પુરાનું આયોજન કરી નિયમોનુસારની આગામી જરૂરી કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.....

કામ નં.૪૨ :

વિષય.: ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ – ૫૧ (૩) હેઠળ સભ્યશ્રીઓની આવેલ દરખાસ્ત અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

૧) વોર્ડ નંબર-૧૧ માં નવીનગરી અને વાવ ફળિયા વિસ્તારમાં સ્ટ્રીટ લાઇટ પોલ બાબતે.

દ.મુ. : (૧) રવિન્દ્ર રામચંદ્ર મહાકાલ

ટે.આ : (૧) હેતલબેન જયેશભાઇ પટેલ

ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ – ૫૧ (૩) હેઠળ સભ્યશ્રીની આવેલ દરખાસ્ત અંગે લાઇટ શાખા જા.નં ૪૯૨૯/તા:૦૪/૦૩/૨૦૨૨ થી સભ્યશ્રીને જવાબ પાઠવવામાં આવેલ છે.

૨) નાઇટ્રેક્ષ કંપની દ્વારા પાણીની લાઇન નાંખવા બાબત..

દ.મુ. : (૨) નીતેશભાઇ એમ.વશી

ટે.આ : (૨) મહેબુબ (ઝાકીર) ગુલશેર ખાન પઠાણ

ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ – ૫૧ (૩) હેઠળ સભ્યશ્રીની આવેલ દરખાસ્ત અંગે વારિગૃહ શાખા જા.નં ૪૯૫૦/તા:૦૫/૦૩/૨૦૨૨ થી સભ્યશ્રીને જવાબ પાઠવવામાં આવેલ છે.

૩) EESL કંપની LED લાઇટ બાબત..

દ.મુ. : (૩)મહેબુબ ગુલશેર ખાન પઠાણ

ટે.આ : (૩) સોનલબેન કિશોરભાઇ પટેલ

ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ – ૫૧ (૩) હેઠળ સભ્યશ્રીની આવેલ દરખાસ્ત અંગે લાઇટ શાખા જા.નં ૪૯૨૮/તા:૦૪/૦૩/૨૦૨૨ થી સભ્યશ્રીને જવાબ પાઠવવામાં આવેલ છે.

૪) અબ્રામા ઝોન ઓફિસના મકાન બાબત..

દ.મુ. : (૪) ગિરીશભાઇ બી.દેસાઇ

ટે.આ : (૪) મહેબુબ (ઝાકીર) ગુલશેર ખાન પઠાણ

ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ – ૫૧ (૩) હેઠળ સભ્યશ્રીની આવેલ દરખાસ્ત અંગે બાંધકામ શાખા જા.નં ૪૯૪૯ /તા:૦૫/૦૩/૨૦૨૨ થી સભ્યશ્રીને જવાબ પાઠવવામાં આવેલ છે.

૫) મ્યુનિસિપલ ઇજનેરશ્રી નગ્માબેન મોદી વર્તણુંક બાબત..

દ.મુ. : (૫) સોનલબેન કિશોરભાઇ પટેલ

ટે.આ : (૫) ઉર્વશીબેન આર.પટેલ

ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ – ૫૧ (૩) હેઠળ સભ્યશ્રીની આવેલ દરખાસ્ત અંગે બાંધકામ શાખા તા:૦૫/૦૩/૨૦૨૨ થી સભ્યશ્રીને જવાબ પાઠવવામાં આવેલ છે.

ઠરાવ:-

ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ – ૫૧ (૩) હેઠળ સભ્યશ્રીઓની આવેલ દરખાસ્ત અંગે સબંધિત શાખા તરફથી સભ્યશ્રીઓ જવાબ પાઠવવામાં આવેલ છે.

સ.મ.મંજુર.....

કામ નં.૪૩ :

વિષય.: અધ્યક્ષ સ્થાનેથી રજુ થતાં બીજા અન્ય વધારાના કામો....

વ.કા.નં.૧ :

વિષય : તા.૧૮-૧૦-૨૦૨૧ ની મળેલ કારોબારીમાં ઠરાવ્યા મુજબ કોરોના વાયરસ થી થયેલ કર્મચારીઓના આશ્રિત કુટુંબને સરકારશ્રીના પરીપત્ર મુજબ રૂા.૨૫.૦૦ લાખની સહાય આપવા બાબતે સરકારશ્રીમાં નિયમોનુસાર દરખાસ્ત કરવા અંગે જરૂરી નિર્ણય કરવા બાબત.

અધ્યક્ષ સ્થાનેથી રજુ

ઠરાવ :-

વલસાડ નગરપાલિકામાં ફાયર શાખામાં વાયરમેન તરીકે ફરજ બજાવતા કર્મચારી આસિફ ઈસ્માઈલ શેખ કોરોના વાયરસને કારણે તા. ૨૨-૦૪-૨૦૨૧ ના રોજ અવસાન થયેલ છે. સદર કર્મચારી ફાયર શાખામાં વાયરમેન ઉપરાંત ફરજના ભાગરૂપે કોવીડ-૧૯ (કોરોના વાયરસ) ના લીધે લોકડાઉન સમયે સરકારશ્રીની ગાઈડલાઇન મુજબ વ્યાજબી ભાવોની દુકાનેથી રેશનકાર્ડ ધારકોને અનાજ વિતરણ વ્યવસ્થા તથા કોવીડ-૧૯ નોન કોવીડ હોસ્પિટલોમાં ફાયરના બનાવો ન બને તેમજ સરકારશ્રીની ગાઈડ લાઇન મુજબની કામગીરી કરાવવા ઇન્સ્પેકશન અહેવાલ ટીમ સાથે કામગીરી પણ કરતાં હતા. આમ તેઓશ્રી કોવીડની કામગીરી સાથે સીધી રીતે સંકળાયેલ હતા.

સંદર્ભ તળેના સામાન્ય વહીવટી વિભાગ , ગુજરાત સરકારશ્રીના ઠરાવ મુજબ રાજય સરકારની સેવાના કોઈપણ કર્મચારી/પંચાયત સેવા તેમજ મહાનગરપાલિકા/ નગરપાલિકાના કર્મચારી/અધિકારી જે કોરાના વાયરસ (કોવીડ-૧૯) ની કામગીરી સાથે સંકળાયેલા હોય અને ફરજના ભાગરૂપે કોરોના અસરગ્રસ્ત થવાથી કોવીડ-૧૯ ના કારણે અવસાન પામે તો તેવા કર્મચારીના કિસ્સામાં તેઓના આશ્રિત કુટુંબને રૂા.૨૫.૦૦ (પચ્ચીસ) લાખની સહાય આપવાનું ઠરાવેલ છે. મજકુર કર્મચારી સ્વ. આસિફ ઈસ્માઈલ શેખની કામગીરી કોરોના યોધ્ધાની હોય, સરકારશ્રીની સદર સહાયનો લાભ મળવાપાત્ર હોય, કોરોના વાયરસ થી અવસાન થયેલ કર્મચારીના આશ્રિત કુટુંબને સરકારશ્રીના પરીપત્ર મુજબ ૨૫.૦૦ (પચ્ચીસ) લાખ રૂપિયાની સહાય આપવા બાબતેના આવેલ કામે આ અંગેની જરૂરી દરખાસ્ત નિયત નમુનામાં તૈયાર કરી નામદાર સરકારશ્રીમાં સાદર કરવા અંગે આગળની કાર્યવાહી કરવાનું મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે.

મંજુર....

**જ.બો.નં.૧૭૮/ તા:૦૭/૦૩/૨૦૨૨**

વ.કા.નં.૨ :

વિષય.: વારિગૃહ શાખામાં ઇજનેરની કરાર આધારિત નિમણુંક કરવા બાબત..

અધ્યક્ષ સ્થાનેથી રજુ

ઠરાવ:-

વલસાડ નગરપાલિકા હસ્તકના વારિગૃહ શાખામાં ઇજનેરની જગ્યા હાલ ખાલી હોય , હાલે હેડ વર્કસ ખાતે આવેલ ટ્રીટમેન્ટ પ્લાન્ટથી પાણીને શુધ્ધ પીવાલાયક કરી શહેરી વિસ્તારોમાં પૂરું પાડવા માટે તેમજ રોજબરોજની કામગીરી સુવ્યવસ્થિત રીતે થાય . શહેરીજનોને પુરતા પ્રેસરથી પાણી મળી રહે તે માટે વારિગૃહ ઇજનેરની જરૂરિયાત ઉપસ્થિત થયેલ છે. જે માટે વારિગૃહ ઇજનેરની ૧૧ માસના કરાર આધારિત હંગામી ધોરણે નિમણુંક કરવા અંગેની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | વિગત | સંખ્યા | લાયકાત | અનુભવ | માસિક પગાર |
|---|---|---|---|---|---|
| ૧ | વારિગૃહ ઇજનેર | ૦૧ | B.E સિવિલ | ૨ વર્ષ | ૧૬,૫૦૦/- |
| | | | અથવા ડિપ્લોમા સિવિલ | ૩ વર્ષ | |

ઉપરોક્ત બાબતો ધ્યાને લઈ સદર જગ્યા ૧૧ માસના કરાર આધારિત હંગામી ધોરણે નિમણુંક કરવા અંગે દૈનિક પેપરોમાં જાહેરાત આપી નિયમોનુસારની આગામી કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

મંજુર...

**જ.બો.નં.૧૭૯/ તા:૦૭/૦૩/૨૦૨૨**

વ.કા.નં.3 :

વિષય: કા.સ.ઠ.નં.૨૯૮તા:-૨૧/૦૨/૨૦૨૨ ની ભલામણ મુજબ, વહીવટી શાખામાં નિવૃત્ત થયેલ ટાઈપીસ્ટ (કોમ્પ્યુટર ઓપરેટર) ની ખાલી જગ્યા હોય, ૧૧ માસના કરાર આધારિત જગ્યા પર હંગામી નિમણુંક કરવા બાબત..

અધ્યક્ષ સ્થાનેથી રજુ

ઠરાવ :-

કા.સ.ઠ.નં.૨૯૮તા:-૨૧/૦૨/૨૦૨૨ ની ભલામણ મુજબ , વહીવટી શાખામાં નિવૃત્ત થયેલ ટાઈપીસ્ટ( કોમ્પ્યુટર ઓપરેટર)ની બે (૨) ખાલી જગ્યા હોય , હાલે સરકારશ્રીની વિવિધ યોજનાઓના પત્રકો, માહિતીઓ , મીટીંગોના એજન્ડા , સામાન્ય સભાની કાર્યનોંધ , સરકારશ્રીના પત્રોના જવાબો , વિગેરે કામગીરી અર્થે હાલમાં કોમ્પ્યુટર ઓપરેટર નથી. જેથી સમય મર્યાદામાં કે ઈમરજન્સીમાં સરકારશ્રીમાં કરવાની થતી કામગીરીને પહોંચી વળવામાં ઘણી જ તકલીફ ઉપસ્થિત થતી હોય છે. જે ધ્યાને લઈ વહીવટી શાખામાં કોમ્પ્યુટર ઓપરેટરની જરૂરિયાત ઉપસ્થિત થયેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | વિગત | સંખ્યા | લાયકાત | અનુભવ | માસિક પગાર |
|---|---|---|---|---|---|
| ૧ | કોમ્પ્યુટર ઓપરેટર | ૦૧ | ૧૨ પાસ અથવા સમકક્ષ ITI અને કોમ્પ્યુટરનું જ્ઞાન | ૧ વર્ષ | ૯,૫૦૦/- |

ઉપરોક્ત બાબતો ધ્યાને લઈ સદર જગ્યા ૧૧ માસના કરાર આધારિત હંગામી ધોરણે નિમણુંક કરવા અંગે દૈનિક પેપરોમાં જાહેરાત આપી નિયમોનુસારની આગામી કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

મંજુર...

વ.કા.નં.૪ :

વિષય : વલસાડ નગરપાલિકા દ્વારા ટાઉન પ્લાનીંગ સ્કીમ-૧ ના વાણિજ્ય હેતુ માટે અનામત રાખવામાં આવેલ પ્લોટોમાં શોપીંગ કોમ્પ્લેક્ષની દુકાનો જાહેર હરાજી થી ભાડાપટ્ટાથી આપવા બાબત..

અધ્યક્ષ સ્થાનેથી રજુ

ઠરાવ :-

ઇજનેરશ્રી અને ચીફ ઓફિસરશ્રીની રીમાર્ક્સ અન્વયેનો રીપોર્ટ વંચાણે લીધો. વલસાડ નગરપાલિકાએ નગરપાલિકાની માલિકીના પ્લોટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં-૧ ના આખરીખંડ નં-૧૧૮/૨ માં અંદાજે ૧૦૦૦ ચો.મી.ની જગ્યામાં વાણિજય હેતુ માટે શોપીંગ કોમ્પ્લેક્ષ ગ્રાઉન્ડફ્લોર + ત્રણમાળનું બાંધકામ કરવા માટે વલસાડ નગરપાલિકાએ સને : ૨૦૧૫ માં આયોજન કરી બાંધકામ શરૂ કરવામાં આવેલ, અને સને : ૨૦૧૭ માં સદરહુ બાંધકામ પુર્ણ કરવામાં આવેલ. સદરહુ શોપીંગ કોમ્પ્લેક્ષની માલિકી વલસાડ નગરપાલિકાની છે અને હાલમાં સદર શોપીંગ કોમ્પ્લેક્ષનો કબજો પણ વલસાડ નગરપાલિકાનો જ છે. સદર શોપીંગ કોમ્પ્લેક્ષની હરાજી માટે તા.૦૧-૦૩-૨૦૧૭ થી જિલ્લા મુલ્યાંકન સમિતિ દ્વારા (૧) ગ્રાઉન્ડ ફ્લોરમાં પ્રતિ ચો.મી.ના રૂા.૧ ,૦૦,૦૦૦/- મુજબ, (૨) ફસ્ટ ફ્લોરમાં પ્રતિ ચો.મી.ના રૂા.૬૦,૦૦૦/- મુજબ, (૩) સેકન્ડ ફ્લોરમાં પ્રતિ ચો.મી.ના રૂા.૪૫ ,૦૦૦/- મુજબ, અને (૪) થર્ડ ફ્લોરમાં પ્રતિ ચો.મી.ના રૂા.૩૫ ,૦૦૦/- મુજબ, પ્રતિ ચો.મી.ની કિંમત નક્કી કરવામાં આવેલ છે. વધુમાં નામદાર સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ ,ગાંધીનગરનો તા.૦૫-૦૬-૨૦૧૭ ના પત્ર માં જણાવ્યા મુજબ સદરહુ શોપીંગ કોમ્પ્લેક્ષને જાહેર હરાજી અંગેની મંજુરી આપવામાં આવેલ છે. સદર શોપીંગ કોમ્પ્લેક્ષનો કબજો સને : ૨૦૧૫ થી આજદિન સુધી વલસાડ નગરપાલિકા માલિકીનો ચાલી આવેલ છે. સદરહુ શોપીંગ કોમ્પ્લેક્ષની હરાજી અન્વયે નામદાર સરકારશ્રીની ગાઈડલાઇન મુજબ અવાર-નવાર ચાર પ્રયત્ન સુધી ઓનલાઈન ઇ-ટેન્ડરીંગ કરવામાં આવતા શોપીંગ કોમ્પ્લેક્ષના ગ્રાઉન્ડફ્લોર થી ત્રણમાળ સુધી કુલ-૦૬ વીંગો અન્વયે ફક્ત ૦૧ જ વિંગની ઓનલાઈન હરાજી થયેલ હોય, જેમાં શ્રી પ્રવિણભાઈ રામજીભાઈ જોઇસર ,વલસાડનું નગરપાલિકા દ્વારા નક્કી કરેલ અપસેટ કિંમત ઉપર હાઇબીડ રૂા.૩ ,૫૧,૧૪,૦૦૦/- પુરાથી ગ્રાઉન્ડફ્લોર વિંગ-એ-૧ મંજૂર કરવામાં આવેલ છે અને સદરહુ એજન્સીને ફાળવવામાં આવેલ ગ્રાઉન્ડફ્લોર વિંગ-એ-૧ માં જે તે આંતરિક ફેરફાર એજન્સી દ્વારા કરવાના થાય છે. અને સદરહુ શોપીંગ કોમ્પ્લેક્ષમાં બાકી રહેલ વીંગોને વલસાડ નગરપાલિકાની સામાન્યસભા ઠરાવ નં-૨૦/તા.૨૯-૦૬-૨૦૨૧ થી સદરહુ શોપીંગ મોલના મુળ માળખામાં આંતરિક ફેરફારો (નાના યુનિટો) બનાવીને જાહેર હરાજી કરવાનું મંજૂર કરવામાં આવેલ , જે અન્વયે વલસાડ નગરપાલિકા દ્વારા અગાઉ જિલ્લા મુલ્યાંકન સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલ કિંમતમાં જરૂરી ફેર મુલ્યાંકન કરવા અધ્યક્ષ સાહેબશ્રી , જિલ્લા મુલ્યાંકન સમિતિ અને કલેકટર કચેરી,વલસાડને તા.૦૪-૧૦-૨૦૨૧ થી જરૂરી પત્રવ્યવહાર કરવામાં આવેલ. જે અન્વયે કાર્યપાલક ઇજનેરશ્રી,માર્ગ અને મકાન વિભાગ ,વલસાડના પત્રક્રમાંક : ૨૬૫૫/તા.૨૭-૧૨-૨૦૨૧ થી અગાઉ જે જિલ્લા મુલ્યાંકન સમિતિની તા.૦૧-૦૩-૨૦૧૭ થી નક્કી કરેલ કિંમતને ગ્રાહ્ય રાખવાનું અભિપ્રાય અત્રેની કચેરીએ આપેલ છે તથા નગરનિયોજકશ્રી ,વલસાડના પત્ર ક્રમાંક : ન.પા./વલસાડ/૨૧૩

/તા.૨૭-૦૧-૨૦૨૨ થી પ્રશ્નવાળી જમીનની કિંમતમાં કોઈ ફેર જણાતો ન હોય , ફેર મૂલ્યાંકન કરવાની જરૂરીયાત નથી. એવો અભિપ્રાય અત્રેની કચેરીએ રજૂ કરેલ છે.

વિશેષમાં વલસાડ નગરપાલિકાની આજરોજ મળેલ સામાન્યસભાની મીટીંગમાં સદરહુ શોપીંગ કોમ્પ્લેક્ષ અંગે થયેલ ચર્ચા-વિચારણાના અંતે મંજૂર થયા મુજબ સદરહુ શોપીંગ કોમ્પ્લેક્ષની જમીનની કિંમતમાં કોઈ ફેરફાર જણાતો નહીં હોય જેથી અગાઉ જિલ્લા મુલ્યાંકન સમિતિની તા.૦૧-૦૩-૨૦૧૭ થી મંજૂર થયેલ કિંમતનું જરૂરી પુન:મુલ્યાંકન કરવાનું રહેતું નથી. જેથી સદર શોપીંગ સેન્ટરમાં જાહેર હરાજી સફળ થાય તે હેતુથી બાકી રહેલ વીંગોમાં પાર્ટીશન કરી નાની દુકાનો/ઓફિસો બનાવવાનું મંજુર કરવાનું તથા આ અંગે પાર્ટીશન વોલ, પ્લાસ્ટર, કલરકામ વિગેરેનો અંદાજિત ખર્ચ રૂ।. ૬૪,૦૦,૦૦૦/- જેટલો થાય છે. જે ખર્ચ દરેક દુકાન ઓફિસને અપસેટ કિંમતમાં સમાવેશ કરી નીચેની વિગતે ઇ-ઓક્શનની બદલે જાહેર હરાજી કરવાનું તથા દુકાનો/ઓફિસોની સુધારેલ અપસેટ કિંમત મુજબ જાહેર હરાજીની કાર્યવાહી કરવાની તેમજ સદરહુ જાહેર હરાજીમાં ભાગ લેનાર વ્યક્તિ દ્વારા વધુ બોલી બોલનારને દુકાન/ઓફિસના જરૂરી નિયમોનુસારના નાણાં નગરપાલિકામાં ભરપાઈ કરવા માટે નાણાકીય સુવિધા મળી રહે તે માટે બેન્ક લોન આપવાની સુવિધા આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

| વિંગ-એ | | | વિંગ-બી | | |
|---|---|---|---|---|---|
| દુકાનો/ઓફિસોની વિગત | કાર્પેટ એરીયા (ચો.ફુટ) | અપસેટ કિંમત | દુકાનો/ઓફિસોની વિગત | કાર્પેટ એરીયા (ચો.ફુટ) | અપસેટ કિંમત |
| G.F.A WING | 2158.00 | SOLD | G.F.B-1 | 477.00 | 85,86,000.00 |
| ----- | ----- | ----- | G.F.B-2 | 530.00 | 95,40,000.00 |
| ----- | ----- | ----- | G.F.B-3 | 530.00 | 95,40,000.00 |
| ----- | ----- | ----- | G.F.B-4 | 530.00 | 95,40,000.00 |
| F.F.A-1 | 245.00 | 26,21,500.00 | F.F.B-1 | 245.00 | 26,21,500.00 |
| F.F.A-2 | 245.00 | 26,21,500.00 | F.F.B-2 | 245.00 | 26,21,500.00 |
| F.F.A-3 | 245.00 | 26,21,500.00 | F.F.B-3 | 245.00 | 26,21,500.00 |
| F.F.A-4 | 245.00 | 26,21,500.00 | F.F.B-4 | 245.00 | 26,21,500.00 |
| F.F.A-5 | 245.00 | 24,01,000.00 | F.F.B-5 | 245.00 | 24,01,000.00 |
| F.F.A-6 | 245.00 | 24,01,000.00 | F.F.B-6 | 245.00 | 24,01,000.00 |
| F.F.A-7 | 245.00 | 24,01,000.00 | F.F.B-7 | 245.00 | 24,01,000.00 |
| F.F.A-8 | 202.00 | 19,79,600.00 | F.F.B-8 | 202.00 | 19,79,600.00 |
| S.F.A-1 | 245.00 | 19,60,000.00 | S.F.B-1 | 245.00 | 19,60,000.00 |
| S.F.A-2 | 245.00 | 19,60,000.00 | S.F.B-2 | 245.00 | 19,60,000.00 |
| S.F.A-3 | 245.00 | 19,60,000.00 | S.F.B-3 | 245.00 | 19,60,000.00 |
| S.F.A-4 | 245.00 | 19,60,000.00 | S.F.B-4 | 245.00 | 19,60,000.00 |
| S.F.A-5 | 245.00 | 18,37,500.00 | S.F.B-5 | 245.00 | 18,37,500.00 |
| S.F.A-6 | 245.00 | 18,37,500.00 | S.F.B-6 | 245.00 | 18,37,500.00 |
| S.F.A-7 | 245.00 | 18,37,500.00 | S.F.B-7 | 245.00 | 18,37,500.00 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| S.F.A-8 | 155.00 | 11,62,500.00 | S.F.B-8 | 155.00 | 11,62,500.00 |
| T.F.A-1 | 245.00 | 16,78,250.00 | T.F.B-1 | 245.00 | 16,78,250.00 |
| T.F.A-2 | 245.00 | 16,78,250.00 | T.F.B-2 | 245.00 | 16,78,250.00 |
| T.F.A-3 | 245.00 | 16,78,250.00 | T.F.B-3 | 245.00 | 16,78,250.00 |
| T.F.A-4 | 245.00 | 16,78,250.00 | T.F.B-4 | 245.00 | 16,78,250.00 |
| T.F.A-5 | 245.00 | 15,55,750.00 | T.F.B-5 | 245.00 | 15,55,750.00 |
| T.F.A-6 | 245.00 | 15,55,750.00 | T.F.B-6 | 245.00 | 15,55,750.00 |
| T.F.A-7 | 245.00 | 15,55,750.00 | T.F.B-7 | 245.00 | 15,55,750.00 |
| T.F.A-8 | 155.00 | 9,84,250.00 | T.F.B-8 | 155.00 | 9,84,250.00 |

### -: **જાહેર હરાજીની શરતો** :-

(૧) દુકાન/ઓફિસને ૩૦ વર્ષના ભાડાપટ્ટે આપવામાં આવશે તથા ૫ વર્ષ બાદ નિયમોનુસાર ભાડાપટ્ટે વધારવાની મંજૂરી મેળવી ભાડાપટ્ટો વધારી આપવામાં આવશે.

(૨) હરાજીમાં ભાગ લેતા પહેલા રૂા ૧૦,૦૦૦ /- (અંકે રૂપિયા દશ હજાર) ડીપોઝીટ ભરી ટોકન મેળવી લેવાનું રહેશે.

(૩) અનામતની રકમ કોઈપણ સંજોગોમાં બેન્ક ગેરેન્ટીના રૂપમાં સ્વીકારવામાં આવશે નહીં. ફક્ત ને ફક્ત રોકડા/ડીમાન્ડ ડ્રાફ્ટ (DD) ના રૂપમાં જ સ્વીકારવામાં આવશે.

(૪) હરાજીમાં કબજા હક્કની સૌથી વધુ બોલી બોલનારને શોપીંગ કોમ્પ્લેક્ષમાં દુકાન/ઓફિસ ફાળવવામાં આવશે તથા બોલીની રકમ નગરપાલિકાના ફંડમાં સ્વભંડોળ તરીકે જમા કરાવવામાં આવશે. જે નોન રીફંડેબલ રહેશે. દુકાન/ઓફિસ ફાળવવા અંગેનો છેવટનો નિર્ણય નગરપાલિકા કરશે અને તે અંગે કોઈ કારણ આપવામાં આવશે નહીં. જે સર્વેને બંધનકર્તા રહેશે.

(૫) હરાજીમાં દુકાન/ઓફિસની અપસેટ કિંમત ઉપર જણાવ્યા મુજબની રહેશે. તેમજ સરકારશ્રી દ્વારા જે તે સમયે જે તે નિર્ધારીત કરેલ રકમ તથા કરની ભરપાઈ ફાળવેલ દુકાન/ઓફિસ ધારકોએ ચુકવવાની રહેશે.

(૬) નિયત સમય મર્યાદામાં જો બોલીની રકમ જમા કરવા કસુર કરશે તો જમા કરાવેલ ટોકન માટે જમા કરાવેલ ડીપોઝીટની રકમ જપ્ત કરવાની સત્તા પ્રમુખશ્રી ,વલસાડ નગરપાલિકાની રહેશે અને તેમનો નિર્ણય આખરી ગણાશે.

(૭) બોલીની રકમ જેની મંજુર કરવામાં આવશે તે લાયસન્સી તરીકે ગણાશે.

(૮) નગરપાલિકા તરફથી દુકાન/ઓફિસનો કબજો આપવાની તારીખ જણાવવામાં આવશે તે તારીખથી લાયસન્સ ફી અમલી બનશે.

(૯) માસીક લાયસન્સ ફી નો દર ચો.ફુટનો રૂા. ૫.૦૦ (અંકે રૂપિયા પાંચ) પ્રમાણે રહેશે. તેમાં સરકારશ્રી દ્વારા જે તે સમયે જે તે નિર્ધારીત કરેલ GST તથા અન્ય વેરાઓની ભરપાઈ ફાળવેલ ફ્લોર લાયસન્સ ધારકોએ ચુકવવાની રહેશે. સદર હરાજીમાં બોલીની રકમ ઉપર GST ની લાયેબીલીટી લાયસન્સ ધારકની રહેશે. પરંતુ લાયસન્સીને દુકાન/ઓફિસ ફાળવ્યા બાદ જો વેચાણ/હસ્તાંતર કરવામાં આવશે તો તે સમયે GST તથા અન્ય લાગુ પડતા ટેક્ષની જવાબદારી ખરીદનારની રહેશે.

(૧૦) કબજો સોપવામાં આવે તે અગાઉ લાયસન્સ ફી ની ૦૬(છ) માસની રકમ કાયમી ડીપોઝીટ તરીકે નગરપાલિકામાં જમા કરાવવાની રહેશે. જેના ઉપર કોઈપણ પ્રકારનું વ્યાજ આપવામાં આવશે નહીં.

નગરપાલિકા સુચવે તે પ્રમાણેના જરૂરી કરાર કરી આપવાના રહેશે અને તે કરાર આખરી અને છેવટનો રહેશે.

(૧૧) જે નામે દુકાન/ઓફિસ લેવાનું હોય તે જ નામે ટોકન લેવાનું રહેશે અને તે જ નામે દુકાન/ઓફિસની રસીદ લેવાની રહેશે અને તે જ નામે દુકાન/ઓફિસનું નામ રાખવાનું રહેશે. જો ભાગીદાર પેઢી હોય તો તમામ ભાગીદારોના નામ, સરનામા, સહી સાથે લેખિતમાં આપવાના રહેશે. ત્યારબાદ લખાવ્યા પ્રમાણેના નામોમાં ફેરફાર થઈ શકશે નહીં. સિવાય કે અન્ય ને વેચાણ આપવામાં આવેલ હોય.

(૧૨) શરત નં-૯ માં દર્શાવેલ લાયસન્સ ફી નો દર ૦૫ (પાંચ) વર્ષ માટે અમલમાં રહેશે. ત્યારબાદ લાયસન્સ ફી માં દર વર્ષે ૦૩ (ત્રણ) % ના વધારાના ધોરણે (એટલે કે ૦૫ (પાંચ) વર્ષે ૧૫ (પંદર) % નો વધારો) આપોઆપ અમલમાં આવશે. તેમજ સરકારશ્રી દ્વારા જે તે સમયે જે તે નિર્ધારીત કરેલ GST તથા અન્ય વેરાઓની ભરપાઈ ફાળવેલ દુકાન/ઓફિસ લાયસન્સ ધારકોએ ચુકવવાની રહેશે.

(૧૩) જે તે માસની લાયસન્સ ફી ની રકમ જે તે માસની ૦૫(પાંચ) તારીખ સુધીમાં નિયમિત ભરવાની રહેશે. જો તે મુજબ લાયસન્સ ફી ની રકમ ભરવામાં કસુર થશે તો ભરેલ ડીપોઝીટની રકમ માથી લાયસન્સ ફી વસુલ કરવામાં આવશે અને સદર દુકાન/ઓફિસ સને : ૧૯૭૩ મો એવીકશન ઓફ પબ્લીક પ્રિમાઈસીસ એક્ટ (ગુજરાત જાહેર જગ્યાઓ (અનઅધિકૃત) ભોગવટો કરનારાઓ પાસે ખાલી કરાવવા બાબતનો અધિનિયમ) ની જોગવાઈઓ અનુસાર કબજો લેવા માટે નગરપાલિકા હક્કદાર રહેશે.

(૧૪) દુકાન/ઓફિસ મિલકતને જાહેરહિતને કોઈપણ જાતનું નુકશાન થાય તેવો ધંધો કે વ્યવસાય કરી શકાશે નહીં તથા સ્ફોટક પદાર્થ રાખી કે વેચી શકાશે નહીં. નામદાર સરકારશ્રીએ પ્રતિબંધિત કરેલ ચીજવસ્તુઓનો ધંધો કરી શકશે નહીં. જો એવો ધંધો કરવામાં આવશે તો તે દુકાન/ઓફિસ નગરપાલિકા દિન-૧૫ (પંદર) ની નોટીસ આપ્યાબાદ પરત લઈ શકશે. જેનું કોઈ વળતર આપવામાં આવશે નહીં.

(૧૫) દુકાન/ઓફિસનો કબજો લેતી વખતે તે દરેક પ્રકારે યોગ્ય છે અને નગરપાલિકાના નિયમો તથા શરત નં-૧૫ માં જણાવેલ અધિનિયમની જોગવાઈઓ બંધનકર્તા છે. એ મુજબનું લખાણ કરાર નગરપાલિકાના ચીફ ઓફિસરશ્રી સાથે કરવાનું રહેશે.

(૧૬) ફાળવવામાં આવેલ દુકાન/ઓફિસ જાહેર હરાજી થયા બાદ જેને મળશે તેમણે બોલીમાં દુકાન/ઓફિસ મળ્યાથી સૌથી વધુ બોલીની મંજુર થયેલ રકમના ૧૦ (દશ) % રકમ નગરપાલિકામાં તે જ દિવસે ચેકથી જમા કરાવવાની રહેશે. તથા દિન-૧૫ માં ૪૦ (ચાળીસ) % રકમ તથા હરાજીની તારીખથી ૩૦ (ત્રીસ) દિવસમાં બાકીની સંપુર્ણ રકમ ભરપાઈ કર્યા બાદથી કબજો સોપવામાં આવશે. જો નિયત કરવામાં આવેલ સમયમર્યાદામાં રકમની ભરપાઈ કરવામાં આવશે નહીં તો નગરપાલિકાનો નિર્ણય આખરી અને છેવટનો ગણાશે.

(૧૭) જો કોઈ લાયસન્સ ધારક ફાળવવામાં આવેલ દુકાન/ઓફિસમાં સુધારા વધારા કરવા માગે તો તે અંદરો અંદર સ્ટ્રકચરનો સ્ટ્રકચરલી તથા ટેકનીકલી કોઈ ખામી થાય નહીં તેમ સુધારા વધારા કરી શકે તેમ છે. પરંતુ સુધારા વધારા કરતાં પહેલા નગરપાલિકાને લેખિતમાં જાણ કરી મંજુરી લેવાની રહેશે. તેમજ દુકાન/ઓફિસ સુધારવા અંગેનો નકશો નગરપાલિકામાં જમા કરાવવાનો રહેશે.

(૧૮) દુકાન/ઓફિસના લીગ શટર રીપેરીંગ, વાઇટવોશ,કલરવોશ જેવા અન્ય પ્રકારનો મેઈન્ટેનન્સ ખર્ચ

જે તે લાયસન્સદારે ભોગવવાનો રહેશે. તેવા ખર્ચ અંગે નગરપાલિકા તરફથી કોઈપણ પ્રકારનું વળતર ચૂકવવામાં આવશે નહીં.

(૧૯) લાયસન્સી તેની મંજુર કરેલ દુકાન પેટા ભાડે આપી શકાશે. પરંતુ તે માટે નગરપાલિકાની પુર્વ મંજુરી લેવાની રહેશે. તથા નગરપાલિકા અને લાયસન્સી વચ્ચે થયેલા કરારથી વિપરીત શરતો રાખી શકશે નહીં અને કોઈપણ સંજોગોમાં મિલકતની માલિકી નગરપાલિકાની જ રહેશે અને નગરપાલિકા લાયસન્સીને તેને પેટા ભાડે આપેલ કરાર રદ કરવા કે તેની શરતોમાં ફેરફાર કરવા ફરજ પાડી શકશે. અને નગરપાલિકાની વખતો-વખતની સુચના મુજબ પેટા ભાડુઆતનું નિયમન કરવા લાયસન્સી બંધાયેલા રહેશે.

(૨૦) જે તે દુકાન/ઓફિસની બતાવેલ અપસેટ કિંમતની ઉપરની રકમ રૂા. ૨૫,૦૦૦/- (અંકે રૂપિયા પચ્ચીસ હજાર) વધારાથી તેના ગુણાંકમાં બોલી બોલવાની રહેશે.

(૨૧) હરાજીમાં ભાગ લેનારને એક ટોકન ઉપર એક દુકાન/ઓફિસ ફાળવવામાં આવશે ત્યારબાદ બીજા દુકાન/ઓફિસ રાખવાની ઈચ્છા ધરાવનારે રૂા. ૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દશ હજાર ) ભરી ટોકન લઈ હરાજીમાં ભાગ લેવાનો રહેશે.

(૨૨) હરાજીમાં દુકાન/ઓફિસ લેનાર લાયસન્સીને ફક્ત જે તે દુકાન/ઓફિસનો જ ભોગવટો હક્ક મળશે. તે સિવાય ઉપરની એફ.એસ.આઈ. કે તેના ભાગ ઉપરની કોઈપણ પ્રકારનું હક્ક કે અધિકાર રહેશે નહીં ઉપરનો ભાગ નગરપાલિકા અન્ય કોઈને ફાળવવા કે આપવા હક્કદાર રહેશે.

(૨૩) ઉપરોક્ત જણાવેલ શરતો પૈકી કોઈપણ શરતોનું કે તેના ભાગનું લાયસન્સદાર તરફથી ભંગ કરવામાં આવશે તો ફાળવેલ દુકાન/ઓફિસનો કબજો નગરપાલિકા બીન તકરારે લેવા હકદાર રહેશે. અથવા તો જાહેર હિતનો પ્રશ્ન ઉપસ્થિત થાય તેવા કિસ્સામાં નગરપાલિકા નક્કી કરે તો જે તે દુકાન/ઓફિસ નગરપાલિકા પરત લઈ શકશે.

(૨૪) હરાજીમાં કોઈપણ પ્રકારનો વિવાદ ઉપસ્થિત થશે તો તેવા વિવાદે નગરપાલિકાનો નિર્ણય આખરી અને છેવટનો રહેશે. જે તમામને કબુલ મંજુર અને બંધનકર્તા રહેશે.

(૨૫) નગરપાલિકાના હિતમાં ઉપરોક્ત શરતો સિવાય અન્ય કોઈપણ પ્રકારનો સુધારો-વધારો કરી શકશે. જે આ શરતો પૈકીની કાયદેસરની શરતો ગણાશે જે સર્વેને કબુલ મંજુર અને બંધનકર્તા રહેશે.

(૨૬) જે ઈસમોએ મળેલા દુકાન/ઓફિસ પર કોઈપણ પ્રકારનો માનવ સર્જિત કે કુદરતી અકસ્માત થાય અને જાનમાલને કોઈપણ પ્રકારનું નુકશાન થાય તો નગરપાલિકાની જવાબદારી રહેશે નહીં.

(૨૭) દુકાન/ઓફિસની લાયસન્સની મુદ્દત ૧૫ (પંદર) વર્ષની રહેશે. ત્યારબાદ નગરપાલિકા પાસે રીન્યુઅલ કરાવવાનું રહેશે.

(૨૮) સદરહુ મિલકત નગરપાલિકાની મંજુરી મેળવી મોર્ગેજ કરી શકાશે.

(૨૯) હરાજીમાં ભાગ લેવા માટેનું અરજી ફોર્મ તથા ભરેલ અરજી ફોર્મ સાથે ડીપોઝીટની રકમ રૂા. ૧૦,૦૦૦/- ભરી ટોકન હરાજીના સમય ગાળા સુધીમાં મેળવી લેવાનું રહેશે.

(૩૦) નગરપાલિકા દ્વારા નિયત કરવામાં આવેલ જાહેર હરાજીની શરતોમાં જાહેર હરાજીમાં કોઈપણ પ્રકારની નવી શરતો ઉમેરવાની કે શરતોના ભાગમાં કમી કરવાની સત્તા નગરપાલિકાની રહેશે.

(૩૧) અનુસુચિત જાતિ/અનુસુચિત જનજાતિ અને દિવ્યાંગ વ્યક્તિઓ માટે અનામત રાખવામા આવેલ અનામત દુકાનની ફાળવણી જે વ્યક્તિને કરવામાં આવે તેના દ્વારા આ દુકાન ટ્રાન્સફર કે ભાડા પર નગરપાલિકાની મંજૂરીને આધીન તેજ કેટેગીરીના ઈશમને કરી શકશે અન્ય સામાન્ય કેટેગરીના ઈશમને ભાડાપટ્ટે કે વેચાણ કરી શકશે નહીં.

મંજુર.......

સભાનું કામકાજ પૂર્ણ થતાં પ્રમુખશ્રીએ સૌને આભાર વ્યક્ત કરી જણાવ્યુ કે , હવે સભાનું કામકાજ પૂર્ણ થાય છે. આપણે સૌ " જન ગણ મન " રાષ્ટ્રગીતથી સભાનું કામકાજ પૂર્ણ કરીએ.........જન ગણ મન " રાષ્ટ્રગીતથી સભા પૂર્ણ થઈ........

| | |
|---|---|
| નગરપાલિકા કચેરી, | (કિન્નરીબેન અમીષભાઇ પટેલ) |
| વલસાડ. | પ્રમુખ |
| તા: ૦૧/૦૪/૨૦૨૨ | વલસાડ નગરપાલિકા |